પેહેલવી ભાષા ઇરાનને લગતી બીજી ભાષાઓમાંની એક સર્વેથી જુની અને બીકટ ભાષા છે. અસલ એ ભાષાની રચના, અવસ્તા તથા સંસ્કૃત, ઇત્યાદિ, ભાષાનાં તત્વો મળીને થયલી છે, પણ ઘણીક વેળા ઇરાનમાં પારકા દેશનાં લોકો, જુદે જુદે વખતે, ઘણું સુધી રાજ્ય કરી ગયાનાં સબબોને લીધે એ ભાષામાં કેટલાંક "સેમેટીક" તત્વો પણ દાખલ થયાં છે; તેથી એ ભાષાનો પુખ્ત રીતે અભ્યાસ કરનારાઓને, અવસ્તા, સંસ્કૃત, પાજંદ, ફારસી, અરબી અને થોડી ઘણી "સેમેટીક" ને લગતી ભાષાઓનીબી માહેતગારી મેળવવી જોઇયે છે; કારણ કે ઉપલી ભાષાઓનો અભ્યાસ કરવાથી, એ ભાષા શિખનારાઓને વાંચણમાં તેમજ સમજવામાં ઘણી સહેલાઇ થાયછે.

એ ભાષાનાં અક્ષરોની ઉત્પત્તિ અવસ્તા અક્ષરો ઉપરથી થયલી છે; તેમાં કેટલાક અક્ષરો અસલ રૂપમાં વપરાયલા છે અને કેટલાક ટુંકા રૂપમાં વપરાયલા છે; એ ટુંકા રૂપને લીધે તથા એક અક્ષર વધારે રીતે વંચાઇ શકવાને લીધે, જેમ અવસ્તા સહેલી રીતે વંચાઇ શકાય છે તેમ, પેહેલવી ભાષા સહેલી રીતે વંચાઇ શકાતી નથી; જો કે એ ભાષાનો શિખનાર વિદ્યાર્થી ગમે તેવોબી પ્રવિણ હોય તોપણ, કેટલાક શબ્દોનો થોડો ઘણો વિચાર કર્યા વિના, તુરત ઉકલાવી શકે એમ નથી.

પેહેલવી ભાષા વ્યાકરણની બાંધણીમાં, અવસ્તા તથા સંસ્કૃતથી ઉતરતો, તથા બીજી સઘળી ભાષાઓથી ચઢતો દરજ્જો ધરાવે છે; કારણ કે તેમાં રૂપાખ્યાપન અર્થે પ્રત્યય, ઉપસર્ગ, અવ્યયો, અને શબ્દોનાં ભિન્ન વર્ગો બીજી ભાષાઓ કરતાં વધારે છે, એ ભાષામાં જે જે વ્યાકરણરૂપી જોડણીઓ છે, તે ઘણી ખરી સઘળી અવસ્તા તથા કદીમ ફારશી લેખોની સાથે મળતી આવેછે.

ઘણી મુદત થઇ એ ભાષા હદિશાઓને લીધે, તથા તેને શિખનારાઓની

કાચી સમજને લીધે, તથા તેનાં લખાણો વગર સંભાળ કરવાને લીધે, તથા એનો વપરાસ કમ થવાને લીધે પડતી હાલતમાં આવતી ગઈ છે; અને ઉપલા સબબોને લીધે, એ ભાષા જાણે કે આગલા જમાનામાં હસ્તીજ પામેલી ન હોય, એમ કેટલાકો શકમંદ થયા છે.

હવે પેહેલવી ભાષા વિશેનું બીજું બયાંન કરવાની આગમજ આગલા મરહુમ દસ્તુર સાહેબોની આપણાં ધર્મને લગતી ભાષાઓ બાબેની મેહેનત વિશે, જો હમો આ જોગવાઈએ તેઓનાં ઉપકાર વિશે કાંઈ ન બોલીયે તો, તે ઘણું અપ્રમાણીક કહેવાય. આટલું તો આપણને માન સાથ કબુલ કરવું જોઈયે કે, આગલા કાબેલ દસતુરો, જો અવસ્તા, પેહેલવી અને પાજંદ જબાનની કેતાબોનાં, સંસ્કૃત તથા ફારશી અને ગુજરાતી ભાષામાં તરજુમાં-ઓ ન કરી ગયા હતે, અને આપણાં દસ્તુરો મધેથી કોઈ પણ દસ્તુરે યુરોપ-ખંડનાં કોઈ પણ કાબેલ વિદ્વાનને એ ભાષાઓનો અભ્યાસ ન કરાવ્યો હતે તો, એ ત્રણે ભાષાઓમાંની એકુ ભાષા ટુટી ભાગી પણ આજ હસ્તીમાં રેહેતે નહીં, એ ચોકસ સમજવું. આજ યુરોપખંડનાં વિદ્વાનો એ ભાષાઓ સમજવામાં મ્હોટી ફતેહ પામ્યાની ખુબી પણ દસ્તુર સાહેબોનાં તરજુમાં-ઓની છે; અને કેટલાક યુરોપીયનોને શિખવ્યાની છે.

આટલું તો આપણને માન સાથે કબુલ કરવું જોઈયે છે કે, યુરોપખંડનાં કેટલાંક રાજ્યોની મેહેરબાંની અને મદદથી અને ત્યાંનાં ઉજમારા અને નામીચા વિદ્વાનોની અથાગ મેહેનત અને કોશેશથી અવસ્તા તેમજ પેહે-લવી, પાજંદ ભાષાના એલમની રગોને ગોયા નવું લોહી મળવાથી, એ ભાષાઓને નવી હસ્તી મળી હોય તેવી રીતે, એ એલમ અને એને લગતી ભાષાઓ આજ પૃથ્વીનાં મોટા ભાગ ઉપર માન સાથે ફેલાવો પામી છે. અવસ્તાનું વ્યાકરણ અને કોષ, પેહેલવી વ્યાકરણ, અને ન્હાનાં ન્હાનાં બે ત્રણ કોષો, તથા ઘણાંખરા અવસ્તાઓનાં તરજુમાઓ, તથા કેટલીક પેહેલવી કેતાબોનાં તરજુમાઓ અને કેટલાંક અવસ્તાની ફીલસુફી ઉપર ઉમદા વિચારો સાથે રચાયલાં પુસ્તકો અને અવસ્તા, પેહેલવી, પાજંદભાષાનાં પુરાતમપણા વિશે રચાયલાં પુસ્તકો, ઇત્યાદિ; તથા ઇરાનને લગતા પહાડો અને બોહોમાં કોતરાયલા ખીલારોકા તથા પેહેલવી ઇત્યાદિ

લેખોનાં છપાયલાં પુસ્તકો, અને તે સાથે તે ખોહો તથા પહાડોમાંથી ચિતારેલાં નકશાનાં ચિતાર લીધેલાં પુસ્તકો, યુરોપનાં રાજ્યનાં તથા ત્યાંનાં વિદ્વાનોનાં સહાસિક કામો આપણને દેખાડી આપે છે; અને એ કામોએ આપણને મોટી અચરતીમાં નાંખ્યા છે, અને આપણને ખરેખર તેઓનાં હેસાનમાં દટાયલા કર્યા છે. આ હિંદમાં આજ એ ભાષાઓનો અભ્યાસ ચાલુ થવાની ઉલટનું મુખ્ય કારણ, તે યુરોપખંડનાં વિદ્વાનોની ઉસ્તાદી છે. આગલા વખતમાં જો કોઇ ઊલટ કરી, ઉપલી ભાષાઓ શિખવાની હોંશ કરતો તો, પેહેલાં, તેને અસલ પુસ્તકો મળવાં મુશ્કેલ પડતાં; અને જો, કોઈ મેહેરબાંની કરી આપતું તો, તે લખતાં મેહેનત પડતી, અને જો લખાવવી પડતી તો, ખરચની જોગવાઈ ન બનવાને લીધે અટકવું પડતું હતું; પણ તે વિશેનું સઘળું સુખ યુરોપખંડનાં કેટલાંક નામાંકીત રાજ્યો, તથા ત્યાંનાં નામાંકીત વિદ્વાનોની કોશેશથી ચોપડીઓ છપાઇ બાહેર પડવાથી થયું છે: અને બિજું મોટું સુખ શિખનારાઓને માટે યુરોપખંડની દોલતથીએ થયું છે કે, તેને લગતાં સાધનો, જેહેવાં કે, વ્યાકરણો, કોષો, તરજુમાઓ, નોટો, રસાળાઓ વગેરે સેહેલી અને સુધરેલી રીતે શિખવાને, થોડે પૈસે ખરચવે મનમાનતી રીતે મળી આવે છે, આજ એ બાબેની અતરે મદરેસાઓ નીકળી છે, અને તે મનમાનતી રીતે ચાલે છે, અને શિખનારાઓ શુભ ફલ મેળવે છે, તેનું મુખ્ય માન યુરોપને ઘટે છે. આપણાં આગલા ન્યાગાંનોની કેટલીક નવી તવારીખો, લેખો, અને તેઓનાં દબદબા અને મરતબાનાં બયાંનો, અને જરથુસતી ધર્મની ખુબી, શીલસુફી અને મ્હોટાઈ વિશેનાં બયાંનો આજ પૃથ્વીનાં મોટા ભાગો ઉપર વંચાય છે, અને આપણ લોકો આજે વધારે આશકારા થયા છૈયે, તેનું મોટું માન પણ યુરોપખંડને ઘટે છે. આગલ કરતાંને આજ આપણ જુવાન લોકોમાંથી આપણાં પવિત્ર ધર્મવિશે જે શક દુર થયો છે, તેનું મુખ્ય માન પણ યુરોપખંડને ઘટે છે. જો યુરોપનાં કેટલાંક રાજ્યોએ તથા યુરોપનાં વિદ્વાન ઉસ્તાદોએ અવસ્તા, પેહેલવી, અને પાજંદ ભાષા તથા વિદ્યા વિશે, તથા એ વિદ્યાની ખુબીઓ વિશે, તથા એને લગતાં સાધનો વિશે, તથા એ વિદ્યાને લગતાં કોતરકામો વિશે, તથા નકશાઓ વિશે મોટો જર ન ખરચો

હતે, અને અથાગ મેહેનત ન કરી હતે તો, હમો ખચીત કરી કહીયે છૈયે કે, આજ આપણુ, ધર્મ તથા આપણુને લગતી ભાષાઓ, વિદ્યા તથા માન વિશે જે હાલતમાં છૈયે, તે હાલતમાં કદી આવતે નહીં. જે કામોની મેહેનત, અને જે જરનો ખરચ આપણુને પોતાને કરવો જોઇયે છે, તે કામો અને તે ખરચો દીલગુરદા ભરેલી રીતે, અને સારા મનથી, પારકી કોમનાં તથા પરાયા દેશનાં પુતો કરે, એ કાંઈ તે લોકોનો આપણાં ઉપર થોડો આભાર થાય છે! જો કે તે વિદ્યાનાં શોખીલો, પોતાનાં એલમ તથા ગ્નાનનો વધારો કરવા માટે, તથા પોતાને ફાયદા થવાની શોધને માટે, તથા ખરૂં ખોટું શોધવા માટે, તેઓ જર ખરચી મેહેનત કરેછે ; પણ તેમાં તેઓ કરતાંને આઇતો મોટો લાભ તો આપણુને તથા આપણાં પવિત્ર ધર્મને લગતી વિદ્યાઓને થાયછે. માટે, આપણી કોમને લાયક છે કે, એ બાબતમાં જર ખરચનારાં રાજ્યોનો, તથા અથાગ મેહેનત કરનારા વિદ્વાન ઉસ્તાદોનો, જાહેર રીતે ઉપકાર માનવો જોઇયે છે.

પેહેલવી ભાષાની ઉત્પત્તિ અને તેના જમાનાં વિશે યુરોપનાં વિદ્વાનો પોતાનાં મતો, એક રીતે આપતા નથી, પણ એકેકથી જુદી જુદી રીતે આપે છે. એ મત આપનારાઓમાં કેટલાક ઉગમણુ પ્રાંતની ભાષા જાણુનારા વિદ્વાનો પેહેલવી ભાષાની ઉત્પત્તિનાં જમાના વિશે જણાવેછે કે, એ ભાષા "આસીરીયન" ટોલાના પાદશાહોનાં વખતમાં "સીરીઆક" ભાષા ઉપરથી ઉત્પન્ન થઈ છે! અને કેટલાકો એને "પારથ્યન" અથવા "ખાલદી" ભાષાને નામેજ ઓળખે છે! અને કેટલાકો તો એનાં જમાના વિશે એવો આરોપ મુકે છે કે, પારશીઓએ હિંદુસ્તાનમાં આવીને, એ પેહેલવી ભાષા, અરબી અને ફારશી ભાષાઓ ઉપરથી ઉત્પન્ન કરી છે. એ છેલ્લા, વગર સહમજે, આરોપ મુકનારાઓનાં જવાબો પુખ્ત રીતે યુરોપનાં વિદ્વાનોમાં અને આપણુ જરથુસ્તીઓમાં વધારે જાણીતા ગૃહસ્થો તથા ઓરીએનટેલિસ્ટો, જેવા કે શેઠ ધનજીભાઇ ફરામજી પટેલ અને દસ્તુરજી સાહેબ હોસંગજી જામાસ્પજી દસ્તુર જામાસ્પ આસાનાં એઓએ આપ્યા છે. ઈ૦ સ૦ ૧૮૬૧ માં શેઠ ધનજીભાઇ ફરામજી પટેલ "એરીઅન ભાષાનું મુળ, તથા અસલપણું" (The origin and authenticity of the

Arian family of languages) એવે નામની ચોપડીનાં દીબાચામાં લખે છે કે, "પેહેલવી ભાષા પારસીઓએ હિંદુસ્તાનમાં આવીને અરબી ઉપરથી કે કોઇબી ભાષા ઉપરથી બનાવી નથી, પણ એ અસલ જમાનામાં, ઇરાનનાં મુલકોમાંજ બનેલી છે; અને પેહેલવી ભાષા "સીરીઆક" ઉપરથી નહીં પણ "એરીયન" ભાષા ઉપરથી થયલી છે" એવી રીતે માઅકુલ દાખલાઓ સાથે આપ્યા છે, ઇ૦ સ૦ ૧૮૬૭ માં દસ્તુર હોશંગજી જામાસ્પજી દસ્તુર જામાસ્પ આસાજીનાંએ, "એક જુની જંદ પેહેલવી શબ્દકોષ" (An old Zand Pehlvi Glossary) એવે નામની ચોપડીનાં દીબાચામાં લખેછે કે, પેહેલવી ભાષા પારશીઓએ હિંદુસ્તાનમાં આવીને ઉભી નથી કીધી, પણ એ "આસીરીઅન" ટોલાની પાદશાહીનાં વખતમાં થયલી છે, એવી રીતની દલીલો સાથે આપ્યો છે એ કાબેલ દસ્તુરજીનાં મતને મરહુમ વિદ્વાન દાકટર મારટીન હૉગે એજ ચોપડીમાં આવેલા, પેહેલવી ભાષાનાં પોતાનાં નીબંધમાં સ્વીકાર્યું છે.

હવે, હમો જણાવિએ છૈયે કે, જે કાબેલ વિદ્વાનો પેહેલવી વિશે લખે છે કે એ ભાષાની ઉત્પત્તિ "પાર્થ્યન" અને "ખાલદી" ભાષા ઉપરથી થઇ છે; એવું જે મત તેઓ જણાવે છે તે, પેહેલવી ભાષામાં કેટલાક શબ્દો તેઓની ભાષાને મલતા આવેછે તે ઉપરથી જણાવતા હશે; પણ તે ગૃહસ્થોને આટલું તો અંજાણ્યું નહીંજ હોવું જોઇયે કે, "પાર્થ્યનો" અને ખાલદીઓ જુનાં વખતનાં ઇરાંનીઓનાં વંશ છે, અને તેઓ છુટા પડયા પછી પણ, જુનાં ઇરાનીઓનીજ ભાષા બોલતા હોય તેમાં કાંઇબી અજાયબ થવા જોગ નથી, કારણ કે જાતે પેહેલવી ભાષાજ ઘણી પુરાંણી છે; અને તે લગભગ "પેશદાદયાન" પાદશાહઓનાં વખતની છે; (તે આગલ ચાલતાં વાંચકોનાં વાંચવામાં આવશે) તેથી કાંઇ એમ નહીં ઠરવું જોઇયે કે, પેહેલવી ભાષા "પાર્થ્યનો" અને "ખાલદીઓ" ઉપરથી આગલા ઇરાનીઓએ ચોરી લીધી હોય; પણ તેથી તો ઓલ્લું દીશે છે કે, "પાર્થ્યનો" અને "ખાલદીઓ" પોતે એ પુરાતમ ભાષાનાં આભારી છે. અને જે વિદ્વાનો "આસીરીયન" વંશનાં વખતમાં પેહેલવી ભાષા બનવા વિશે પોતાનું મત જણાવે છે, તેવું મત જણાવનાર ગૃહસ્થોને હમો નમનતાઇ સાથે જણાવિએ છૈયે કે, એ પુરાતમ

પેહેલવી ભાષા "કયાંન્યાન" વંશની પાદશાહાતનાં વખતમાં ખુદ બોલાતી ભાષા હતી; તેનો દાખલો જોવો હોએ તો, અસલ પેહેલવી "દીનકર્દ" કેતાબ, પાદશાહ ગુશતાસ્પનાં વખતમાં, તે નેક બખ્તશાહે પોતે પેગમબર સાહેબ જરથુસ્તનાં શાગેર્દો પાસે અવસ્તાનાં દફતરો ઉપરથી પેહેલવી ભાષામાં લખાવી હતી; એવું એ નામીચાં પુસ્તકનાં ત્રિજા દફતર મધે બોલ્લું જણાવ્યું છે. આ ઉપરથી જણાશે કે, જે ગૃહસ્થો પેહેલવી ભાષાના જમાનાં તથા તેની બનાવટ વિશે લખે છે કે, તે "આસીરીયન" પાદશાહનાં વખતમાં "સીરીઆક" ભાષા ઉપરથી બનેલી છે, અને "પાર્થ્યેન" પાદશાહાતનાં વખતમાં "ખાલદી" ભાષા ઉપરથી બની છે, તે પણ વગર આધારનું છે.

કેટલાક વિદ્યાશાસ્ત્રીઓ, પથ્થરની તખ્તીઓ તથા શીક્કા ઉપરનાં પેહેલવી લેખો કેતાબી પેહેલવી લખાંણો સાથે સરખાવી, પોતાનો એવોબી વિચાર આપે છે કે, પથ્થર અને શીક્કા ઉપરની પેહેલવી અને ચોપડીઓમાં લખાયલી પેહેલવી, એક બીજાથી ઘણી જુદી જણાએ છે; તેથી એવું જણાય છે કે પુસ્તકોમાં લખાયલી પેહેલવી ભાષા ફારશી ભાષા ઉપરથી નીકલી છે. હમારે જણાવવું જોઇએ છે કે, એમ બોલવામાં પણ તે ગૃહસ્થોએ ભુલ કરી છે, કારણ કે, જે વખતમાં તખ્તીનાં લેખો કોતરાયા છે, તેનાંજ બલકે તેથીબી આગમજનાં વખતમાં કેટલીક પેહેલવી કેતાબો બનેલી હાલે મોજુદ છે; જેવી કે, "દીનકર્દ," નેરંગસ્તાન (અવસ્તાની શાહાદતો સાથની), "બુન્દેહેશને," "મીનોખેરદ," પેહેલવી "શાહાનામું" પેહેલવી "વીરાફનામું," "શાયેસ્તલાશાયેસ્ત" અને "શેકન ગુમાની વજાર" વગેરે; તથા પેહેલવી "વંદીદાદ," "યજશને," "વીસ્પરદ," ખુર્દેહ અવસ્તા," અને "અવસ્તા પેહેલવી કોષ" જે "જંદ પેહેલવી ગલાસરી" ને નામે ઓલખાય છે. તેની પેહેલવી; તથા આશીરવાદ," "આફ્રીનો" અને કેટલીક "નેરંગો" પેહેલવી ભાષામાં બનેલી છે. પેહેલવી તખ્તીનાં હરફો અને કેતાબી હરફોની વલાંણ અને કાંઇક ભાષા, જો કે, કેટલીક રીતે જુદી છે, તેથી કાંઇ એમ નહીં ઠરતું કે; કેતાબી પેહેલવી ફારશી ભાષા ઉપરથી નીકલી હોએ, પણ હમારૂં આધીન મત તો એ છે કે, ફારશી ભાષા પેહેલવી ભાષાની આભારી છે. આગલા જમાનામાં આટલું તો ગાફમ હતું કે, દરબારી ભાષા અને આમી

ભાષામાં ઘણોક ફેર હતો; જેમ કે, "વેદશાસ્ત્ર"ની સંસ્કૃત ભાષા અને હિંદુઓમાં ચાલુ વપરાતી સાધારણ સંસ્કૃત ભાષા છે તેમ. હમો ધારીએ છીએ કે, એવી રીતના વિચાર આપનારા ગૃહસ્થોએ કોઇ અપૂર્ણ પેહેલવી ચોપડીઓ વાંચી વિચાર આપ્યો હશે, કારણ કે, જો પેહેલવી "દીનકર્દ," "નેરંગસ્તાન," "બુન્દેહેશને," અને પેહેલવી "શાહાનામું," અને પેહેલવી "વીરાફનામું" ઇત્યાદિ ચોપડીઓ વાંચી હતે, અને વળી તે સાથે એક ભાષાનું પુરાતમપણું તપાસવાની જેવી રીતી છે તેવી રીતે વ્યાકરણને કાયદે એ ભાષાને બીજી એરીઅન ભાષાઓ સાથ સરખાવી હતે, તો હમો ધારીએ છીયે કે તેઓ એવો બેઢંગો વિચાર ક્વચિત પણ આપતે નહીં. કેટલાકો કેહે છે કે, પેહેલવી લેખો અને જંદ અવસ્તાનો પેહેલવી તરજુમો એક બિજાથી જુદા પડે છે, તે હમો કબુલ કરીએ છીએ કે, વ્યાકરણ સંબંધી કેટલાક દાખલાઓમાં "એ બન્ને જુદી પડે છે, પણ જો એ બેઉ ભાષાનાં બોલો સરખાવવામાં આવશે તો, તે ઉપરથી જણાશે, કે પેહેલવી તખતીઓમાં "ઉજવારેશ" મુળ ધાતુઓ તેઓને મળી આવશે, આએજ એ ભાષાનું પુરાતમપણું તુરત દેખાડી આપે છે; તેટલા માટે હમુને મત બાંધવું જોઇયેછ કે, કેતાબી પેહેલવી ધર્મશાસ્ત્રને લગતી અને તખ્તીની પેહેલવી શેહેરનાં રાજ્ય કારોબારને લગતી ભાષા હોવી જોઇયે.

વળી, કેટલાક ગૃહસ્થો કેહેછે કે, અવસ્તા તથા પેહેલવી ભાષા પારશીઓનાં દસ્તુરોએ હીંદુસ્તાનમાં આવ્યા પછી, અવસ્તા સંસ્કૃત ઉપરથી અને પેહેલવી અરબી અને ફારસી ભાષાઓ ઉપરથી બનાવટ કીધી છે. એવું કેહેનારાઓ અગર જાણી જોઇ એ ભાષાઓને હલકી પાડી, આપણાં ધર્મની તાસુબી રાખી પોતાનાં ધર્મની ભાષાને ચઢતી જણાવવા માગતા હોએ, અને પેહેલવી કરતાંને પોતાની સેમેટીક ભાષાને ચઢાવવાને માટે તાસુબીથી એવું લખાંણ કર્યું હોય, યા તો તે લોકો પેહેલવી લેખોનાં કોતરકામથી બીલકુલ અનજાંણું હોએ. હમો ધારીએ છીએ કે, એમ તો કદી બનવુંજ ન જોઇયે, કારણ કે, જે લોકો એવો વિચાર જણાવે છે તેઓ, ઉગમણ પ્રાંતની વિદ્યામાં પ્રવિણ અને સાબીત ગૃહસ્થો છે. એવા કાબેલ ગૃહસ્થો થઇને એવો કઢંગો વિચાર આપે એ ઘણું અચરત થવા જોગ છે! આજે, પાહાડો ઉપર

અને ઓહોની અંદર, જે લેખો કોતરાએલા મુસાફરોને માલુમ પડેછે; અને સામાન્યાંન વખતનાં શિક્કાઓ, ઝવેરો ઇત્યાદિ ઉપરની પેહેલવી આપણને દેખાડી આપેછે કે, તે ભાષા લોકોનાં વપરાસમાં આવતી હતી, અને વળી ઉગમણ પ્રાંતની ભાષાનો શાસ્ત્રી સર રૉલીસન કેહે છે કે, "જરથોસ્તી મજહબનાં લોકો હિન્દુસ્તાનમાં પેહેલે આવ્યા, તેની આગમજનાં જે ત્રાંબાનાં સસનમો (વાસણો) તેઓ પોતાની સાથે લાવ્યા હતા, એ સસનમ (વાસણ) ઉપરનાં પેહેલવી અક્ષરોનાં નમુનાં હાલે મોજુદ છે. મજકુર નામાંકીત ગૃહસ્થ એ બાબે નીચે પ્રમાણે પોતાનું મજબુત એકીન જણાવે છે. "શાહા-
"પુર તરફ આવેલી તખ્તી ઉપરનાં પાદશાહનાં ઘોડાની છાતી ઉપર જે ટુક
"કથા લખેલી છે, તે જેઆરે પેહેલવી વપરાતી હાલતમાં હતી, તે વખતે
"કોતરેલી માલુમ પડે છે, અને માહારી પાસે કેટલાંક રતનો છે, તે ઉપરનાં
"છાપો હાલનાં તેમજ જુનાં હરફો વચે જે સંબંધ છે તે વધારે સોહે-
"લાઇથી દેખાડી આપે છે. ત્રાંબાંનાં સસનમ (વાસણ) જે મલબારના
"સીરીઅન ખ્રીસ્તીઓનાં હાથમાં છે, તેનાં ઉપર આવેલાં પારસી શાહેદોનાં
"નામોમાં પેહેલવી હરફોનો એક મનોરંજક નમુનો આપણી પાસે છે. આ-
"એ (સસનમ) જરથોસતી મજહબનાં લોકો જેઆરે આરબ લશકર
"યુફ્રેતીસ નદીનાં મુખ ઉપર આવેલાં અબીલા શેહેર ઉપર આવી પોહોંચીઉં
"ત્યારે ત્યાંથી નાહાસી હિંદુસ્તાનમાં ગુજરાતનાં કોસ્તા ઉપર આવેલા સીંદાન
"(સનજાણ) નામના શેહેરમાં વાસો લીધો તે વખતે લાવવામાં આવ્યું હતું.
"આએ સીંદાન (સનજાણ) શેહેર અરબ લોકોની ભૂગોલમાં સારીકાંણી
"જણાએલું છે, જે વિશે "હમજહએએસફહાંની"એ જો પાધરી
"નીશાંની નહીં આપી હતે તો, આપણને હાલ જમાનાનાં નકશાઓમાં
"સેંતજૉનમાં ઓલખી કાઢવાને કંઇએક મુશકેલી પડતે.

અવસ્તાભાષાનાં પુરાતમપણાં માટે ખીલારોકી તખ્તીઓ આજે પેહેલવાંની દરજજા ઉપર ઉભી રહીને, આપણને શાહાદત આપેછે અને પેહેલવી ભાષાનાં પુરાતમપણાંને માટે, પેહેલવી તખ્તીઓ, શિક્કાઓ, ઝવેરાતો, સીલો અને સસનમ યાને વાસણો બરપાઇ પણે શાહાદત આપેછે; પેહેલવી ભાષા વિશે એખલી તખતીઓ, શિક્કાઓ, ઝવેરાતો, સીલો અને સસનમજ શાહેદી

આપેછે. એટલુંજ નહીં; પણ ઘણીક જુની પુરાણા વખત ઉપર બનેલી ઉપર જણાવ્યા મુજબની ચોપડીઓ હાલિ હયાત છે; તથા સર સી. એચ. રૉલીસન પોતાની મુશાફરીનાં ગ્રંથમાં હાલિ બોલાતી પેહેલવી વિશે કબુલ કરેછે કે, "દીઝમાર" નાં ગામડામાં અને "ગુરાતાસ્ફી" નામનાં મોલકમાં લોકો પેહેલવી ભાષા બોલેછે હાલનાં ઇરાંણીઓ પોતે કેહેછે. કે, "સારીસ્તાંન" અને "ખુરદીસ્તાન" માં એ પેહેલવી ભાષા હજુર સુધી બોલાએછે. આ ઉપલા મઆકુલ. બોલાસાથી વાચકોને જણાશે કે, જે વિદ્વાન ગૃહસ્થો અવસ્તા અને પેહેલવી ભાષા ઉપર તોહોમત મુકેછે કે, પારશીઓએ હિંદુસ્તાનમાં આવ્યા પછે અવસ્તા સંસ્કૃત ઉપરથી અને પેહેલવી અરબી, ફારશી ઉપરથી બનાવી છે, તે તોહોમત રદ બાતિલ છે.

વળી કેટલાક ગૃહસ્થો પેહેલવી જબાન સામાન્યાન પાદશાહોનાં વખતની જણાવતાં તેઓ પોતાનાં ટેકામાં એવો દાખલો જણાવે છે કે, "પેહેલવી "ભાષા કએઆંની પાદશાહો તો શું બલકેહખાંમનીઆંન ટોલાનાં દોરની "શરૂઆતમાં ઇરાન સરજમીનમાં જે ઘણીએક ભાષાઓ બોલાતી હતી "તેઓમાં એ ભાષાબી અગર જો આંમી લોકોમાં વપરાતી હતે તો બેહીસ્તુન "પાહાડ ઉપર કોતરાવેલા લેખોમાં શેહનશાહ દરાયશ હીસ્તાસ્પીસનાં જમાં- "નામાં બોલાતી ત્રણ જુદી જુદી ભાષાઓમાં એકજ બાબદ શારૂ તખ્તીઓ "જે કોતરાએલી છે તેઓ સાથે બિજી એક તખ્તી પેહેલવી ભાષામાંબી આપ- "વાને એ નામવર પાદશાહ ભુલી જાય એ બનાવ એ પાદશાહની વર્તણુક "તરફ જોતાં તો નહીં બની શકે એવો છે." એ પ્રમાણે બોલનારાઓની મ્હોટી ભુલ છે, કારણકે બેહીસ્તુન પહાડ ઉપર કોતરાએલી ત્રણ ભાષાની તખ્તીઓ સાથે પેહેલવી ભાષામાં તખ્તી કોતરી નથી, તો તેથી કાંઇ એવું નહીં ઠરતું કે તે વખતમાં પેહેલવી ભાષા નહીં હશે તેથી નહીં કોતરાઇ હોએ. એમ તો અવસ્તા હરૂફે અવસ્તા ભાષા મધેબી તખ્તી નથી કોતરી, તેથી શું તેઓ એમજ દાખલો આપશે કે, બેહીસ્તુનના પાહાડ ઉપર હખામીશ પાદશાહોનાં દોરની શરૂઆતમાં ત્રણ જાતની ભાષામાં તખ્તીઓ કોતરાઇ છે, તેઓ અવસ્તા હરૂફે તે ભાષાની તખ્તી કોતરાઇ નથી; તેથી, એ ભાષા પણ હખામીસ વગેરા પછી કોઇ જમાનામાં ઉભી થઇ હશે? એવો કાંએ નહીં

કોઈ સવાલ કરશે. જો કે એ સવાલનો જવાબ તો ઘણો ટુંકો અને સોહેલ છે: તે એ કે, શેહેનશાહ ગુશતાસ્પનાં વખતમાં જ્યારે પેગમબર સાહેબ જરથુસ્ત સ્પેતમાન, તે બુજોરગ શેહેનશાહની દરબારમાં, પવિત્ર યજદાંથી દીન લઈ આવ્યો, તે વખતમાં, અવસ્તા ભાષા બોલાતી હતી, કારણ કે જયારે હિંદુસ્તાનનો ગુરૂ "ચંદ્રઘાચ" અને "બયાસ" અને યુનાંની ગુરૂ "તુત્યાનુશ" પેગમબર જરથુસ્ત સાથે તકરાર કરવાને, મજકુર શેહેનશાહાની દબદબા ભરેલી દરબારમાં, આવ્યા હતા; ત્યારે, પેગમબર જરથુસ્તનાં હોકમથી, તેનાં એક એરદમંદ શાગેરદે, તેઓ શું શું સવાલ કરવા આવ્યા હતા, તેનો મનપતીજ ભરેલો ખોલાસો, તે લોકોનાં વગર સવાલ કરવે કે બોલવે, એક અવસ્તાના નોશક મધેથી વાંચી સંભળાવ્યો હતો. વળી બિજો મોતેબર દાખલો એ છે કે, જેવારે પેગમબર સાહેબ અશો જરથુસ્ત, શેહેનશાહ ગુસતાસ્પની દરબારમાં તેનાં તખતની નજદીક દાખલ થયો, તેવારે તુરતજ, તે પવિત્ર પેગમબરે, શેહેનશાહ ગુસતાસ્પને અવસ્તા ભાષામાં દોઆ તથા નસીહતો કરી હતી, તે દોઆ તથા નસીહતો હાલ મોજુદ છે. એ દાખલાઓ ઉપરથી ચોકસ થાય છે, કે શેહેનશાહ ગુસતાસ્પનાં વખતમાં અવસ્તા ભાષા દરબારી યા આંમી લોકોમાં બોલાતી હતી; તે બોલાતી બુજોરગ ભાષામાંજ, પેગમબર સત જરથુસ્તે યજદાંની ધર્મ ખાસો આંમોને સમજાવ્યો હતો; એટલું છતાં, હખાંમીશ વંશનાં શેહેનશાહ દારાયશે, એ ભાષામાં અને એજ હરફે તખતી કાંએ નહીં કોતરાવી હશે? પેહેલવી ભાષા વિશે સવાલ કરનારાઓને એવો સવાલ કાંએ નહીં થાએ. પેહેલવી વિશે સવાલ કરનારાઓએ જાણવું જોઇયે છે કે, મજકુર હખામીશ વંશનાં શેહેનશાહે પોતાના વખતમાં, લોકોનાં જાહેર વપરાસમાં આવતી ભાષાઓનીજ તખતીઓ કોતરાવી કાંએ નહીં હોએ? શેહેનશાહ દારાયશે, જેમ અવસ્તા ભાષામાં તખતી નહીં કોતરાવી, તેમજ, કદાચ પેહેલવી ભાષામાંબી નહીં કોતરાવી હોએ એમાં અચરત શાનું થવું! પણ જુવો, પેહેલવી ભાષા કીઆ જમાનામાં ચાલુ થઇ છે તે વિશે, કાઉન્ટ એ૦ દી૦ ગોબીનું નામનો કાબેલ વિદ્વાન, તથા પેહેલવી "દીનકર્દ" તથા "શેકંદરનામાં" તથા ફરહંગે "બુરહાને કાતે," ફરહંગે "જેહાંગીરી" તથા ફરહંગે "રશીદી" નાં, કાબેલ ગ્રંથકરતાઓ શું લખે છે.

કાઉન્ટ એ૦ દી૦ ગોબીન્યુ નામનો કાબેલ ગ્રંથકરતા લખે છે કેઃ—"પા-"દશાહ 'ગુસતાસ્પ' અથવા 'અસ્પંદીઆર' અને 'અરદશીર બાબકાન' નાં "જમાનાંની વચેજ હુજવરેશ ભાષા શ્રી ઈરાનની સર જમીનમાં ચાલુ "અથવા રેવાજ પાંમેલી હતી હેવું તે વખતનાં શિક્કાઓનાં લેખ ઉપરથી "વગર શક અને શોબેહ ભરેલી રીતે સાબેત થઈ શકે છે."*

કાઉન્ટ એ૦ દી૦ ગોબીન્યુનું બોલવું બરહક છે; કારણ કે, પેહેલવી દીન-કર્દનાં ત્રીજા દફતરથી એવલું જણાએ છે કેઃ—"બુજોરગ દરજાનાં શેહેનશાહ "ગુશતાસ્પે તે અસલ (દીનકર્દ) કેતાબ ઉપરથી નકલ કરવા તથા અસલને "ગંજેશસ્પીગાંન" (યાને પાદશાહી પુસ્તકખાનાં) માં રાખવાને ફરમાવ્યું, "અને તે ઉપરથી નકલોનો ફેલાવો કરવાને ફરમાવ્યું; અને ત્યાર પછી તેની "એક નકલ 'દેઝેનપેસ્તે' (ઇસ્તખરનાં) કીલ્લામાં મોકલી ને તેને ત્યાં જાલવી "રાખવાનો હોકમ થયો."†

વળી, શેકંદર રૂમીનાં વખતમાં યરીઅન ખાતે પેહેલવી ભાષા ચાલુ હતી, અને તે મધે એ પાદશાહાની તવારીખ પણ લખાઈ હતી; તેની લખાએલી એક નકલ શાએર "નીજાંમી" ગંજનવીને મળી હતી; તે વિશે, એ શાએ-"ર નેજાંમી" ગંજનવીએ બનાવેલાં શેકંદરનામાં મધે લખે છે કેઃ—"તે "બુજોરગ પાદશાહને લગતો સઘલો હેવાલ બંધ બેસ્તી એક કેતાબની અંદર "મને લખેલો ન મળીઆ, તેથી છુટું છુટું જે જે કેતાબમાં તેને લગતું વરણ-"ન હતું, તે દરેક કેતાબમાંથી ચુંટી કહાડીને તે ઉપરથી આએ પુસ્તક મેં "બેતોમાં બનાવ્યું છે; તેમાં અગત્ય કરીને શેકંદરનાં વખતની તુરતની યુનાની

---

* (જુવો કાઉન્ટ "એ૦ દી૦ ગોબીન્યુનાં ખીલારાફ હરૂફેનાં લેખોનો ગુજરાતી તરજુમો મી૦ મનશુખ શાએરે ઇ૦ સ૦ ૧૮૬૫ માં છપાવ્યો છે તેને સફે ૭ મેની શો૦ ૫ મીથી.)

[illegible] †

[illegible]

[illegible]

દી૦ દ૦ ૩ જું.

"(ગરીક) નશરાંની (હીબરૂ) અને પેહેલવી ભાષામાં લખાએલી કેતાબો "ઉપરથી આએ કેતાબ બનાવી છે."*

ઉપલોજ "નેજાંમી" શાએર શેકંદરનામાં મધે લખે છે કે:—"એલમને "લગતી કેતાબોનો દરી† (પેહેલવી) ભાષામાંથી યુનાંની (ગરીક) ભાષામાં "(સેકંદરે) તરજુમો કરાવ્યો હતો."

ફરહંગે બુરહાને કાતેનો બનાવનાર મોહમદ હોસેન તબરેજી, પોતાને મ-લેલાં પુરાણાં પુસ્તકોની દલીલ ઉપરથી લખે છે કે:—

"કેટલાક લોકો એવું કહી ગયા છે કે, પેહેલવી ભાષા કએઆંનીઓની "દરબારને લગતી ભાષા છે."‡ ફરહંગે બુરહાંને કાતેના કાબેલ ગ્રંથકરતાનાજ જેવો વિચાર ફરહંગે જેહાંગીરી તથા ફરહંગે રશીદીનાં કાબેલ ગ્રંથકરતા-ઓએ પણ આપેલો છે.

વાંચકોએ, ઉપર વાંચી જોયું હશે કે, હાલે પેહેલવી ભાષા ઉપર કેવી રી-તનાં ચુંથાણાં પડેછે; એ ચુંથણાં પડવાનું મુખ્ય કારણ પેહેલવી જુબા-

---

* اثرهاي آن شاه آفاق كرد | نديدم نكاريده در يک نورد
سخنها كه چون گنج آكنده بود | بهر نسختي در پراكنده بود
ز هر نسخه برداشتم مايها | برو بستم از نظم پيرا يها
زياده ز تاريخ هاي نوي | يهودي و نصراني و پهلوي
گزيدم ز هر نامهٔ نغز او | ز هر پوست برداشتم مغز او
زبان درزبان گنج پرداختم | وزان جمله سرجملهٔ ساختم

સેકંદર નામું.

† નેજામી એ પેહેલવીને ઠેકાણે "દરી" નો બોલ વાપરેલો છે, પણ દરી ભાષાની મતલબ પેહેલવી ભાષાની સહમજવી; કારણ કે પેહેલવી ભાષા ઇરાનનાં કએઆંની પાદશાહોના વખતમા દરબારી ભાષા તરીકે વપરાતી હતી અને દરી ભાષા છેક પછવાડેનાં વખતમાં બોલાતી હતી, એ ઉપરથી કેટલાક કારણ ગ્રંથકારો પેહેલવીને "દરી" ભાષાને નામે ઓળખી ગયા છે.

خرد نامهارا لفظ دري | بيونان زبان كرد كسوت كري

સેકંદર નામું.

‡ بعضي گفته اند كه لغت پهلوي زبان پايي تخت كيان بوده است
બુરહાને કાતે

નમાં દાખલ થએલા સેમેટીક ભાષાઓને લગતા કેટલાક શબ્દો તથા વગર સંભાળથી પછવાડેથી લખાયલી કેટલીએક કેતાબોને લીધે છે. એજ સબબો ઉપરથી યુરોપનાં વિદ્વાનો પેહેલવી ભાષાનાં જમાનાંને છેક પછવાડેનાં જમાનામાં લઈ જાય છે, પેહેલવી ભાષાનાં જમાનાંને પછવાડે લઈ જનારા સઘળા એકમતથી એકજ જમાનો બતલાવતા નથી; પણ ઘણીક તડ થઇ છે. કોઈ કેહેછે કે પેહેલવી જબાન અવસ્તાનાં જમાનાની સાથનીજ છે. કોઈ કેહે છે કે પેહેલવી ભાષા પાદશાહ ગુસતાસ્પ અથવા એસ્પંદીઆર અને અરદશીર બાબકાનનાં વખત વચેની છે. વળી કોઈ કેહેછે કે પેહેલવી ભાષા ઈસુની ૫૦૦) થી તે ૬૦૦) વરસ આગમજ "સીરીઆ" દેશમાં તથા તેની નજદીકનાં ઇરાંનનાં પ્રાંતો મધ્યે બોલાતી હતી. કોઈ કેહેછે કે, "આરસાસાઈદ" (Arsaside) ટોળાંનાં પાદશાહઓનાં શિક્કાઓ ઉપરનાં નામોનાં અક્ષરોનો આકાર "હુજ વરેસ" ભાષાનાં હરફોને અકસર કરી મળતો આવે છે. વળી કોઈ કેહેછે કે, પેહેલવી ભાષા "એશારીઅન" ટોળાંના જમાંનામાં થઈ છે. વળી કોઇ કેહે છે કે, પેહેલવી ભાષા "પારથ્યન" ટોળાંના જમાનામાં થઇ છે. વળી કોઈ કેહે છે કે, પેહેલવી ભાષા "સાસાન્યન" ટોળાંનાં વખતમાં થઈ છે. વળી કેટલાકો કેહે છે કે પેહેલવી ભાષા યજદજરદની પાદશાહી ગયા પછે દસ્તુરોએ અરબી ભાષા ઉપરથી બનાવી છે. એવી એવી રીતનાં જુદા જુદા ગૃહસ્થોનાં જુદે જુદે વખતે લખાંણો થઇને એ બિચારી લાચાર ભાષાને ઘણી રીતે વધનમાં નાંખી છે.

વાંચકોએ જાણવું જોઇયે છે કે, એ તો તમોએ પેહેલવી ભાષાનાં જમાનાં વિશેનાં વિચારો જોયા; હવે પેહેલવી ભાષા કેઈ કેઈ જબાંનો ઉપરથી ઉત્પન્ન થઈ છે, તે વિશેનાં યુરોપ તથા હિંદના વિદ્વાનોનાં વિચારો જણાવીએ છીએ.

આંકુ વીટીલ ડુ. પેરોન જણાવે છે કે, પેહેલવી ભાષા જંદમાંથી નીકળી હતી. વેસતર ગાર્દ પેહેલવી જબાન વિશે લખે છે કે, ઇરાન મધ્યે તખ્તીઓ ઉપર તથા શિક્કાઓ ઉપર શાહાંની અમલનાં જે લેખો કોતરેલા છે, તે અસલ પેહેલવી જુબાન છે, અને તે જુબાન "સીરો એરબ્યન" ટોળાંની છે, પણ જરથુસ્તીઓ પાસે હવડાં જે પેહેલવી તરજુમા તથા પુસ્તકો છે તે કાંઈ અસલ પેહેલવી જબાનમાં નથી, તે તો "દરી" જુબાનમાં છે, અને

તે જુબાનને જરથુસ્તીઓનાં મોબેદોએ પોતાનો એલમ છુપાવવા સારૂ તથા વધારે બુજોરગી બતલાવવા સારૂ થોડોએક ફેરફાર કરીને તેની ઢબ બદલી નાંખી છે, અને તે મતલબથી તેઓએ ફારશી ભાષાને માત્ર "જંદ" નાં અક્ષરો તથા તેને મળતા અક્ષરોથી લખી છે. પ્રોફેસર આલશાશેન પેહેલવી શિક્કાઓની જુબાન વિશે લખેછે કે, એ શિક્કાઓની જુબાન હવેડેની ફારશી જુબાન સાથે મેળાપ રાખે છે. પ્રોફેસર આલશાસેન બિજા ગ્રંથકરતાઓ સાથે એકમળતો થઇને એ શિક્કાઓની જુબાનને ફારશીને મળતી ઇરાને એરીઅન ટોળાંની ભાષા કબુલ રાખેછે. ડાકટર સ્પીગલ પેહેલવી ભાષા વિશે લખે છે કે, પેહેલવેહેલાં જ્યારે એ ભાષાના ઉચ્ચાર તદન જુદી જુદી રીતે કરતા હતા, તે ઉપરથી એવું ધારવામાં આવતું હતું કે, એ ભાષા "સીથીક" (તુરાંની) લગતી હશે; પણ એ તદન ફારશીને મળતી છે અને એની syntax (વાક્યરચનાં) ઉપરથીજ ફારશીની syntax (વાક્ય-રચનાં) નિકળેલી છે, પણ એમાં સેમેટીક શબ્દો ઘણાં ભેળાઈ ગયા છે, તેમ ઘણોખરો ભાગ જંદનાં શબ્દોનો છે. ઉપર પ્રમાણેનાંજ બિજા ગ્રંથકારોએ પણ જુદાં જુદાં મતો આપ્યાં છે.

પેહેલવી ભાષા વિષે ઉપર પ્રમાણેનાં વિચારો આપનાર હયાત ગૃહસ્થોને હમો નમનતાઇથી ભલામણ કરીએ છીએ કે, જો તેઓ ચાલુ પુસ્તકોની પથ્થરની અને શિક્કાની પેહેલવી, ઉજવારેશ ધાતુઓ સાથે સંભાળથી સરખાવી જોશે, તો તેઓને ખાતરી પુર્વક માલુમ પડશે કે, એ ઉપલી ત્રણ ભાગની પેહેલવીઓ પુરાંણી એરીઅન ભાષા ઉપરથી ઉત્પન્ન થએલી છે. આટલું તો હમુને કબુલ કરવું જોઇએ છે કે, છેક પુરાતમ જમાનાંથી તે ગયાં બારસો વરશ સુધીમાં ઇરાનનાં ઉપર જુદદીન લોકોના કેટલાક હુમલાઓ થવાથી, જુદા જુદા વખતો મળી ઘણી વખતે ઇરાનનું રાજ્ય તેઓનાં સ્વાધીનમાં રહ્યુંહતું; એવું તવારીખો ઉપરથી આપણુને ખોલ્લું જણાએ છે. એવા સબબોને લીધે એ નિર્મળ એરીઅન ભાષામાં ઘણાંક સેમેટીક ધાતુઓ દાખલ થયા છે; જેમકે હાલે, ગુજરાતી ભાષામાં મહમદીઅન લોકોનાં દોરને લીધે, અરબી અને ફારસી ભાષાનાં, તથા અંગ્રેજી દોરને લીધે, અંગ્રેજી ભાષાનાં ઘણાક બોલો તથા ધાતુઓ ભેળાયા છે તેમ.

હવે પેહેલવી ભાષાનાં જમાના વિશે, હમે હમારો નકેશ વિચાર આપીએ તેની આગમજ, લેગાર અસલ બાબતથી હમુને આડું ફાટવું પડેછે. તેમ કરવાનું મુખ્ય કારણ એ કે આદમની શુરૂઆત ક્યારથી અને તેનું મથક ક્યાંથી તથા મજદયસ્ની (યજદાંપરસ્તી) ધર્મનું પુરાતમપણું ક્યારથી અને તે કોણથી એ હમો ટુંકમાં જણાવવા માંગીએ છીએ તેથી હમારા અશરાફ વાંચકોએ એવો વિચાર ન કરવો કે હમો કોઇ જાતનું ટાહેલું કરીએ છીએ. હમોએ ઉપર જણાવેલી બાબતોનો ટુંકમાં ખોલાસો થવાથી વાંચકોને માલુમ પડશે કે, એર્યન લોકો પેહેલા અને તેઓની ભાષા પેહેલી, કે સેમેટીક લોકો પેહેલા અને તેઓની ભાષા પેહેલી છે.

યુરોપ તથા હિંદનાં કેટલાક વિદ્વાનો પેહેલવી વિશેની બાબતો લખતાં જગો જગોએ, સેમેટીક ભાષાની ઘણીજ આરાધનાં કરેછે, કારણ કે તેઓ એવું સહમજે છે કે, પેહેલવી ભાષા ઘણીખરી સેમેટીક ઉપરથી થઇ છે. હવે, જ્યારે એમજ છે ત્યારે આપણને જાણવું જોઇએ છે કે, એર્યન ભાષાઓની શાખા સઉથી પેહેલી કે સેમેટીકની, તો આપણને જણાએ છે કે, એર્યન ભાષાઓની શાખા પેહેલી છે; કારણ કે, અવસ્તા, પેહેલવી, પાઝંદ અને ફારસી કેતાબોનો શોગલ કરવાથી આપણને ખોલ્લું જણાય છે કે, એર્યન ભાષાઓનું મુળ અસલ છે.

આજ આપણને અવસ્તાઓનાં એશારાઓ ઉપરથી તથા પેહેલવી, ફારસીમાં લખાએલી તવારીખો ઉપરથી ખોલ્લું જણાએ છે કે, આએ દુનિયાંનાં ચાલુ દોરની શુરૂઆતમાં "અઇર્યન વૈઝો" માં "ગયેમરથન" યાને ગયોમરદને પાક ખોદાવંદ તાલાએ, પેહેલો પેદા કરયો હતો, કે જેને બિજી કોમવાળાઓ બાવા આદમને નામે ઓલખે છે. એ "ગયેમરથન" માંથ્ર (અવસ્તા) જબાનનો બોલ છે. એને પેહેલવી અથવા "ઉજવારેશ" ભાષામાં "ગયેમરથન," "ગયોમરદ," "ગેલેશાહ" "તીનામલકા" અને "અશોએગપ્રા" કરી કેહે છે. ફારસી ભાષામાં "ગયોમરદ," "કયુમરસ," "કયામરસ," "કેમરત" અને "ઇરાન" ઇત્યાદિ કરી કેહેછે. વળી, એમબી જણાવવામાં આવ્યું છે કે, એનું અસલ નામ "ઇરાન" હોવાથી એનાં રેહેઠાણનું નામ "અઇર્યન"-

અથવા "ઇરાન" પડેલું છે. એ ગયેમરથનનાં ખુનથી, "મશી" અને "મશીઆંને" નામનું એક જોડું પાક ખોદાવંદ તાલાએ ઉપલીજ પવિત્ર જગોમાં પેદા કરચું હતું; તે જોડાંથી સાત જોડાં અને તે જોડાંઓથી વળી બિજાં ઘણાંક જોડાંઓ પેદા થયાં હતાં. "મશી" અને "મશીઆંને" થી પેદા થયલાં જોડાંઓને, પાક યજદાંનો પેગામ લાવનાર સરોશ યજદનાં હોકમથી, સાતે ખંડ ઉપર મોકલ્યાં હતાં, અને આદમની સઘળી પેદાએશ એ ગયેમરથન*નાં ખુનથી થએલી છે. અને વળી. એમબી આવેલું છે કે જ્યારે "અઇર્યનવૈજ"માં એ ગયેમરથનની ઓલાદનો ઘણો વધારો થતો ગયો, ત્યારે આપસ આપસમાં ટંટા બખેડા થવા માંડયો, એ ઉપરથી ઘણાંક લોકો તે જગોથી આગળ વધતા ગયા; જ્યાં જેને ફાવ્યું ત્યાં તેઓ નિકળી ગયા. એજ પ્રમાણે પછી પણ, જેમ જેમ વસ્તી વધતી ગઇ તેમ તેમ, અને જેમ જેમ પ્રેસાદ વધતો ગયો તેમ તેમ, તેથીબી આગળ વસ્તી વધતી ગઇ. એજ પ્રમાણે હમેકેશાવર (સાતે ખંડો) ઉપર વસ્તી વધતી ગઇ. દાખલા તરીકે જોવું હોય તો એ છે કે, જે જે જગાઓ ઉપર જે લોકો જઇને વસ્તા ગયા, તે લોકોનાં નામો તે જગાઓ તથા પાહાડો સાથે હજુર સુધી જોડાએલાં છે; જેમ કે, "તુરકસ્તાનનો" મુલાક પાહાદશાહ ફરેદુનનાં બેટા "તુર"નું રેહેઠાણ હોવાથી પડચું છે. "એર્યન" અથવા

---

* એ બાબત પેહેલવી "દીનકર્દ" તથા "બુન્દેહેશને" નામની કેતાબોમાં તથા બીજી કેતાબોમા આવેલી છે.—

"દીનકર્દ"માં લખેછે કે:—

પેહેલવી.



અર્થ.

સઘળાં આદમીનાં તોખમ ગયોમરથનથી છે; અને ગયોમરથને શોભા આપનાર પાદશાહોનાં તોખમ ભાગ્યશાલી "ફરવાક" (સીઆમક)થી છે.

દી૦ ૬૦ ૩ જું.

ઇરાન "ગયોમરથન"નું રેહેઠાણ હોવાથી પડયું છે, કારણકે, તે દીનદારી અને ઓદાઇશાહ ઉંપર ચાલવાથી "ઇરાન"ને નામેબી ઓલખાતો હતો. સીઆમકનું રેહેઠાંણ એક પહાડ ઉપર હતું, તેથી તે પાહડનું નામ "સીઆમકો* ને નામે ઓલખાએ છે "કેકાઉશ"નું અસલ મથક પહાડ ઉપર હોવાને લીધે એક પાહાડનું નામ "કેકહીઉશ" કરીબી છે. તેમજ વળી, "તાજ" નામનું એક મનુષ્ય જે જગો ઉપર જઇરેહયું, તે જગો "તાજી".(અરબસ્તાન) ને નામે ઓલખાએ છે; એ "તાજ" નામનો શખસ "મશી" અને "મશીઆને" ને પેટે અવતરયો હતો, અને એ "જહાક"નો વડવો કેહેવાય છે, એ ઉપરથીજ જહાક "જહાકે તાજી" ને નામે ઓલખાતો હતો. એવી રીતે જગાઓનાં, પાહાડોનાં અને શેહેરોનાં નામો પડેલાં છે,† એ સરવે કોઇને રોશન છે. હવે, એ ઉપરથી હમારૂં બોલવું સિદ્ધ થાએછે કે, જેમ જે મનુષ્ય જે જગા ઉપર જતો ગયો, તેમ તે પોતાની બાપીકી ભાષા તથા બાપીકો ધર્મ પણ મુકતો ગયો. દાખલા જોવા હોએ તો એ છે કે, "તાજ" નામનો શખસ તો "અઇર્યનવેઝ" નામનાં મોલોકમાં "મશી"થી પેદા થયો હતો, તે જ્યારે ઇરાનથી નિકલી ગયો અને તે જે જગા ઉપર જઇને રહયો, તે જગાનું નામ "તાજી" કરીને ઓલખાએ છે. હવે, એની ભાષા તો અસલ એર્યન હતી અને "તાજી" માં વસેલી તેની ઓલાદ તો હીબરૂ અથવા અરબી ભાષા બોલતા આવ્યા છે અને બોલે છે, અને તેઓનો ધર્મ પણ એર્યન લોકોથી જુદોજ છે. તેમજ, પાદશાહ ફરેદુને પોતાના વડા તથા વચલા બેટાઓ "તુર" તથા "સેલમ" ને "તુરક-

* પહાડોનાં પુશકળ નામો "જમીઆદ" યશતમાં તથા "બુનદેહેશન" માં આવેલાં છે.

† જમીઆદ યશત મધે લખેછે કે—

અવસ્તા.

[illegible]

[illegible]

અર્થ.

જે પાહાડોનાં નામો અગાઉનાં માણસોએ તેઓનાં દેખાવ અને નજદીક મલતી આવતી ચીજો ઉપરથી આપેલાં છે.

સ્તાંન" તથા "રૂમ" નાં મોલકો આપવાથી તેઓ બાપ સાથે નાફરમાન થવાને લીધે પોતાની બાપીકી ભાષાઓમાં અને ધંધામાં પણ ફેરફાર કરતા ગયા. એવી રીતનાં બિજા દાખલાઓ ઘણાંબી મલી આવેછે, પણ લંમબાંણ થવાને લીધે અત્રે ખતમ કરીએ છીએ.

સીઆમકની સાથે દેવોને લડાઈ થઈ અને તે દેવોને હાથ મારયો ગયો; એવું ફારશી શાહાનામાં મધે, ગયોમરસનાં દાસ્તાનમાં આવેલું છે, તે દેવો પણ એરીઅનનાં ભાગમાં રેહેલા બુરા તથા બદ શેકલ લોકો તથા બિજા મોલોકમાં દુશમનીથી નિકળી ગયેલા લોકોજ સહમજવા; કારણ કે "અઇર્યન વૈઝ" અથવા એર્યનનાં લોકો બુરી ચાલનાં બુરા, બદ અથવા ડરામણી શેકલનાં અને ફેશાડચા લોકોને દેવોને નામેજ ઓલખતા હતા. જેમ જેમ લોકો "અઇર્યન વૈઝ" થી આગળ વધતા ગયા, તેમ તેમ બિજી વેરાન જગાઓ વસ્તી ગઇ, અને જે લોકો "અઇર્યન વૈઝ" અથવા "એરીઆ" થી બાહેર જતા ગયા, તે લોકો એર્યન લોકો સાથે દુશમની રાખવાથી પોતાનો ધર્મ તથા ભાષામાં પણ ફેરફાર કરતા ગયા. અસલ તેઓનો ધર્મ **યજદાંપરસ્તીનો** હતો અને અસલ તેઓની ભાષા માંથ્ર જે હાલે **અવસ્તા**ને નામે ઓલખાય છે તે હતી. એનાં દાખલા જોવા હોએ તો અવસ્તા, "દીનકર્દ તથા દીનની બિજી કેતાબો મધે નીચે મુજબ આવેલું છે. દુનિયાં- "નું પેહેલું આદમ જે ગયેમરથન" છે, "તે ખરો યજદાંપરસ્ત હતો, તેણે "આએ બાકી દુનિયામાં સરવેથી પેહેલાં તે દીન, પેદા કરનાર હોરમજદથી "કબુલ કીધી હતી, અને તેણે પેહેલાં અશોઇની બરતર રાસ્ત અને ખાલિસ "દીન દાદાર હોરમજદને ચાહાવાની સેતાએશ કરવાની વમાસી"* "તે

---

* [illegible]

દી૦ ૬૦ ૧ લું.

[illegible]

[illegible]

દી૦ ૬૦ ૭ મું.

[illegible]

દ૧૦ દીની.

"પેદાઅૈશાની શુરૂઆતમાં, પ્રથમ "ગયેમરથન" બરતર ગાથા વાણીને "પઢાંણુ અને કરાંણુથી, ઇલ્લતને ટાલનારો હતો; અને એ એક (ગયેમરથન) "થી, આદમીનાં વિચારવા, બોલવા, અને કરવાનો, દરેક નેક વિચાર, નેક "વાણી અને નેક કરણીની સમપુર્ણતાઇ જાહેર થઇ છે"* "પેદાઅૈશાનાં "પેહેલાં ગયેમરથન" એ નેક મનશાનીને (હુમત પાએ દીનને)† વમાસી "બુજોરગ અવસ્તા વાંણીની નેક વાચા પઢીઓ, સેતાએશ અને સવાબની "નેક કુનશની એખતીઆર કીધી યાને સઘળાઓમાં પ્રથમ યજશનેનો "સવાબ ગાથા વાણીથી તેણે કીધો."‡

[illegible]

દા૦ દીની.

* [illegible]

[illegible]

[illegible]

દી૦ ૯૦ ૩ જું.

† "હુમતપાએ" તે "બેહેમન પાએ" ને કેહેછે, જેમકે, "સતરપાએ," "માહપાએ" "ખુરશીદપાએ" તેમ "હુમતપાએ દીન" તે એ કે, પાક પરવરદેગારસાહેબે સઘળી મીનોઇ ખેલકતો પેદા કરીને, તે મીનોઇ લોકોમાં પોતાની મજદયશની દીનનો ફેલાવો કરવા માટ, તે બુજોરગ દીનને પ્રથમમાં બેહેમન અમેશાસ્પંદને દેખાડી હતી, અને તે બેહેમને મીનોઇના લોકોની પેગમબરી કરી હતી, તેથી તેની દીનને "હુમત પાએ" દીનને નામે ઓલખવામાં આવેછે. એજ દીન પ્રથમ આએ દુનિયામાં "ગયમરથન" અને તેની ઓલાદને સરોશ યજદની મારફતે દેખાડી હતી; અને તેજ દીન સેવટ પેગમબર સાહેબ જરથુસ્તને મળી હતી, જે હાલે આપણ જરથુસ્તીઓ પાલીએ છીએ અને એજ દીન આખેરને વખત "હોશેદર," "હોશેદરમાહ" અને સોષ્યોશ પણ આએ દુનિયાંનાં લોકો માટ લાવશે.

‡ [illegible]

[illegible]

ફ્ર૦ હા૦ ૧૯ મો.

[illegible]

ફ્ર૦ હા૦ ૧૯ મો.

"એ ગયેમરથનએ દીનનાં કામોથી દુનિયાંને સુધારી અને રેવાજને
"સમાર્યો. નોરોજ, મેહેરનજાન તથા એ વગેરે કદીમ જશનોનાં બોલંદ
"બરતર કામો જે છે તે પેદાએશની શરૂઆતથી, રોજે અવલનાં કયાંને*
"(ગયોમરદે), ખોદાઈ કલામથી ચાલુ કીધાં છે. તે યજદાંનાં નુર અને
"દાદ ઇનસાફ અને ઝલકાટે કરી જુદાઈથી દુર અને જોલમથી અ-
"લગ હતો; તેણે દુનિયાંનાં દરમ્યાનમાં શેતાબ નેકીનાં કામો કરી લીધાં હતાં
"અને આદમીઓનાં દેલને બખશેસથી ખુશાહાલ અને પાક કર્યાં હતાં,
"તેથી પ્રથમ દાદ તથા દીન દુનિયાં મધે જાહેર થઈ હતી અને તે દાદાર
"અહુરમજદની ભલી દીનની રાહાથી (કદીખા) ફર્યો ન હતો. એ
"હજરત કઈઉમરસનાં જમાનાંથી તે લોહોરાસ્પની પાદશાહી તુલીક પોરી-
"ઓદકેશી દીન, ખુરદેહ અવસ્તા, ખુરશીદ—મેહેરની આએશ, હાથ-
"મોહોડું ધોવાનાં નેરંગ કુસ્તીનાં અવસ્તા, સઘળાં આફરેગાંનો, સેતાએશો,
"અને થોડીએક નેરંગો હતી. ધહંબાર કરવા, કુસ્તી રાખવી. પાંચ વખતની
"બંદગી કરવી, દસ્તાનની પરહેજ કરવી, દસ દિવસ મુકતાદનાં છે તે દિવ-
"સમાં એબાદત વિનાં બિજું કામ ન કરવું, બારે મહીનાનાં—ત્રીસે રોજનાં
"—પાંચ ગાથાનાં નામો, બારેમહીનાના જશનો તથા અકદ (મરદ ઓર-
"તના ગાંઠ બાંધવા)નો મારગ એ મીશાલ હતું."†

---

* 'કયાન' તે શેહેનશાહને કેહેછે; જેમકે 'કએકાઉસ', 'કએખુશરવ,' 'કએ લોહોરાસ્પ' અને 'કએગુશતાસ્પ' એ સઘળા 'કએ'ઓમાં પેહેલો 'કયાંન' ગયેમરથનને દીનકરદવાળાએ લખેલો છે; અને તે ઉપરથી બીજી ફારસી કેતાબવાળાઓએ એને 'કએઉમરસ' કરી લખ્યો છે.

† [illegible]

દી૦ ૬૦ ૧ લું.

[illegible]
[illegible]

દીં૦ ૬૦ ૩ જું

ફ્રોગ્રોઆ સાથની યજશને કરવાની સુરૂઆત વિશે, ગયેમરથનનો જ-માનો જણાએઅે નથી. પણ એની સુરૂઆત પાદશાહ હોશંગથી થઇ છે; એવું 'રામયશતનાં' બિજા કરદાનાં નીચલાં બયાનથી આપણને જણાય છે કે:—

"તે 'વએયજદ' (રામયજદ)ને પેશદાદ હોશહંગે લોહોડાંની ખાણવાલા

نخستین پادشاه آمد بد انکاه	کیومرث اشوي پاکتر شاه
زنور وداد و فرایزدی بود	زکثری دورواز جوراوبری بود
بکیي نیکوي درداده بود زود	دل مردم ببخشش شاد بزدود
نخستین داد و دین زو شد پدیدار	نگشت از راه دین بهر ز دادار

જ૨૦ નામે. ૬૦ જ૨૦ એ૦

باید دانست کہ ابتداي آدم از زمان حضرت کیومرت تا بسلطنت لهراسپ دیني بوریودکیشے و خورده اوستا وخورشید نیایش و مهر نیایش و اوستاي دست و روي و ہمہ آفرنگان مثل اینها بود

હ૬૦ હરાત પુ૦ પા૦ નો ૬૫ મો જબાબ.

پاسخ انکہ از زمان کیومرث نا آمدن زرتشت پیش ویشتاسپ شاه اوستا وستایش و افسان اندکي بود و گهنبار بود و کستي داشتن بود و دیگر تمام اوستا و زند بیست و یک نسک زرتشت آورد

ઓલા૦ દી૦

از زمان حضرت کیومرث تا امروز نوروز قدیم کہ مراد از نوروز عامہ باشد برنہج دین وه مازدیسنان

જ૦ ૬૦ મી૦ "પજ૬"

نخستین کیومرث این مدت ماہا با وارد ہ قسمت کرد اول مبداء تاریخ با بد آورد

ફ૦ પજ૦

"'તઅેર' પાહાડની નજદીક સુનેરી તખ્ત (હિંડોલા) ઉપર, સુનેરી આજટ,
" (ઓઆંન) ઉપર, અને સુનેરી ખીસતરા ઉપર બોલંદ બાંધેલી 'બરસમે'
"વેહેતી પુર્ણતાની તરફ ઇજ્જીઓ."* બિજું માંથ્ર (અવસ્તા) ઉપરથી માલુમ
" પડેછે કેઃ— "જરથુસ્તી ન્યાયધર્મ વિશે ઘણીજ લાંબી મુદત આગ-
" મજનો ચાલુ કરેલો, ભલી મજદયસ્ની દીનનાં ચાલુ રેવાજનો, નિર્મલ
" પસંદ ભાવ 'દાતહઅેવીદેવ'† નાં વૃધ્ધિ કરનાર 'માંથ્રા' નો હતો.‡

એ ગયેમરથન વિશે અવસ્તાનાં તથા બિજા કેતાબી દાખલાઓ ઉપરથી વાંચકોએ ઉપર જોયું કે, અસલ દુનિયાંની શુરૂઆત બુજોરગવાર

* [illegible]

રામ. યશ્ત.

† "દાતહએવીદેવ" [illegible] યાને "જવીદશીદાદ" [illegible] એટલે જ "વંદીદાદ" [illegible] એવે નામનો જે નુસક છે તેહેને કેહેછે. ઉપલા અર્થમા પવિત્ર અવસ્તાનો "દાતહઅેવીદેવ" બોલ આવેલો છે; એ ઉપરથી એવું જણાય છે કે, જરથુ-સ્તનાં લાવેલા "દાતહએવી દેવ" [illegible] ની ઘણી લાંબી મુદત આગમજ, "દાતહએવી દેવ" [illegible] યાને "જવીદશીદાદ" [illegible] એટલે જ "વંદીદાદ" [illegible] યાને "બદીને તોડનારો મારગ" એવે નામનાં "માંથ્રા" (અવસ્તા) હતા. એ "માંથ્રા" કોણનાં વખતમાં હતા, એ કાંઇ આપણને ખોલાસાથી જણાતું નથી, પણ એટલું તો ચોકસ જણાએ છે કે, પવિત્ર જરથુસ્તનાં લાવેલા ધર્મની ઘણી લામબી મુદત આગમજ, "દાતહઅેવીદેવ" [illegible] યાને "વંદીદાદ" હતો. ઉપર જણાવેલી "ગયેમરથન" અને "હોશહંગ" ની બાબતો ધ્યાનમાં લેતાં અટકલો કરી શકાએ છે કે, "ગયેમરથન" યા "હોશહંગ" નાં જમાંનામા યા ત્યાર પછી કોઇ નજદીક જમાનામાં "વંદી-દાદ" જેવાબી અવસ્તા હતા.

‡ [illegible]

"ગયેમુરથ્નથી થઇ છે, યજદાંનો ધર્મ પેહેલો એ અશો ગયેમરથ્નને મલ્યો હતો. તે ધર્મ "માંથ્ર" યાને અવસ્તા જબાનમાં મળ્યો હતો; તેની ભાષા પણ "માંથ્ર" (અવસ્તા) હતી અને તે અશો મરદથી તમામ આદમોની પેદાએશ થઈ છે. હવે એ ઉપરથી તપાસવાનું એટલુંજ છે કે "સેમેટીક" ભાષાની ઉત્પત્તિ પણ અસલ "એર્યન" ભાષા ઉપરથીજ થવી જોઇએ છે; કારણ કે, અસલ આદમનું મૂલજ "એર્યન" છે. અને તેમજ છે ત્યારે તો તેની અસલ ભાષા તથા ધર્મ પણ એર્યનને લગતોજ હોવો જોઇએ, એ આફતાબની મીસાલે ખોલ્લું થાયછે.

હવે, ઉપલાં વર્ણન ઉપરથી વાંચકોની ખાતરી થઈ હશે કે, "માંથ્ર" (અવસ્તા) જબાન, પેહેલાં આદમ, પાદશાહ ગયેમરથ્નનાં વખતથીજ છે. જ્યારે એમજ છે ત્યારે, તે જબાન ઉપરથીજ અસલ પેહેલવી ભાષા થઇ છે એમ ચોકસ થાયછે.

યુરોપખંડનાં ઘણાંક વિદ્યાર્થીઓ પેહેલવી જબાનનાં જમાનાંને છેક "એસીરીઅન" તથા "સાસાન્યાન" નાં વખતમાં લઈ જાય છે, તેનું કારણ તેઓ એવું સહમજે છે કે, અવસ્તા જબાન પેગમબર અશો જરથુસ્તનાં જમાનાંથીજ ચાલુ થઇ છે, તેની આગમજ નહીં હતી, એવા વિચારથી તેઓ પેહેલવીનાં જમાનાંને છેક પાછળ લઈ જવા માંગેછે. જ્યારે જરથુસ્તનાંજ જમાનામાં અવસ્તા ભાષાની શરૂઆત થઈ હોય ત્યારે તો હમો પણ કબુલ કરીએ કે, પેહેલવીનો જમાનો છેક પછવાડે જવો જોઇયે, પણ તેમ તો નથીજ, કારણ કે, "માંથ્ર" (અવસ્તા) જબાનનો જમાંનો, હમોએ ઉપર જણાવેલી દલીલો પ્રમાણે, આએ ભવનું, દુનિયાંનું પેહેલું આદમ અને સરવેનાં બાપ પાદશાહ ગયેમરથ્નનાં જમાનાંથી છે, જ્યારે એમજ છે ત્યારે તો, પેહેલવી ભાષાનો જમાનો પોતાની મેળે "સાસાન્યાન" તથા "એસીરીઅન" વંશની પાદશાહીની આગમજ જવો જોઈએ છે અને તેજ પ્રમાણે હમોએ, પેહેલવી "દીનકર્દ," "શેકંદરનામું" "ફરહંગે જેહાંગીરી"—"રશીદી" અને "ફરહંગે બુરહાંને કાતે" ની શાહાદતો ઉપરથી ઉપર સાબેત કીધું છે કે, પેહેલવી ભાષા કએઆંની ગુશતાસ્પનાં જમાનામાં, રાજ્ય દરબારી એક ચાલુ ભાષા હતી; અને ત્યારબાદ શેંકડો વરશે પાદશાહ શેકંદર

રૂમીએ અવસ્તા તથા પેહેલવી કેતાબો ઉપરથી રૂમી (ગરીક) ભાષામાં તરજુમો કરાવ્યો હતો. ઉપલાં વરણન પ્રમાણે તો પેહેલવી ભાષા કએઆંની ગુશતાસ્પની પાદશાહીનાં વખ્તમાં મોજુદ હતી એ સાબેત થાએછે.

હવે, નીચલાં વરણન પ્રમાણે એનો જમાંનો છેક પેશદાદીઆન પાદશાહીની શુરૂઆતથી થએલો જણાએ છે, તેનું પેહેલું કારણ એ કે, જ્યારે કયાંની ગુશતાસ્પની પાદશાહીનાં વખ્તમાં એ ભાષા દરબારમાં ચાલુ હતી; ત્યારે એ ભાષા તેની આગમજનાં જમાનામાં હોવી જોઇએ.

પેહેલવી ભાષાનો જમાંનો કએઆંની પાદશાહતની આગમજ હતો, તેહેનું બિજું કારણ એ કે, પાદશાહ ફરેદુને, પાદશાહ જોહાકની શુમીઅત તોડવા માટે, શરોશયજદની મદદથી કેટલીએક નેરંગો અવસ્તા તથા પેહેલવીમાં બનાવી હતી; તે મધેની હાલ કેટલીએક આપણ સોડે મોજુદ છે, તે હમો સદાબરી વાંચકોની ખાતરી માટે નીચે ઉતારી લીજીએ છેઃ —

[illegible]

[illegible]

[illegible]

વેસ્તરગાર્ડ વા૦ ૧ લું.

[illegible]

રેવાએત.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

રેવાએત.

[illegible]
[illegible]

૫૦ વનંત.

[illegible]
[illegible]

૫૦ વનંત.

[illegible]
[illegible] †

૫૦ વનંત.

એ નેરંગો ઉપરાંત બિજી ઘણીક નેરંગો એ નામાંકીત પાદશાહાને નામે કેતાબોમાં આવે છે; પણ ઘણું લમબાંણુ થવાને લીધે અત્રે લેવાને હમોએ દરૂસ્ત જોયું નથી.

વાંચકોએ જાણવું જોઇયે છે કે, ઉપલી નેરંગો મધે, બાકીઓમાં એબલા ફ્રતેહમંદ પાદશાહ ફ્રરેદુનનુંજ નામ આવેલું છે ; તેથી જણાએછે કે, એ નેરંગો ફ્રતેહમંદ પાદશાહ ફ્રરેદુનનીજ બનાવેલી હોવી જોઇયેચ. જો એ નેરંગો કોઇ બિજા પવિત્ર શખ્સની બનાવેલી હતે તો, તે મધે તેનુંજ નામ' આવવું જોઇતે, યા અગર ફ્રરેદુનની સાથે પણ તેનું નામ આવવું જોઇતે, પણ તેમ તો નથીજ. અગર જો પેગમબર

† ૪) ૫) અને ૬ ઠા આંકવાલી નેરંગો વનંતપશત મધે મોહોડું બંધ કરીને બાજમાં પઢવામા આવેછે. એ ઉપલી ત્રણે નેરંગો, હાલે, પાજંદ ભાખામાં પઢવામા આવેછે.

જરથોસ્તે તે બનાવી હતે તો, તે નેક પેગમબરનું પવિત્ર નામ, આવવું જોઇતું હતું, તેમ પણ નથીજ, અગર જો કોઇએ પેગમબર જરથોસ્તનાં જમાનાં પછી એ નેરંગો બનાવી હોએ તો, એ નેક અને પવિત્ર પેગમબર જરથોસ્ત સાહેબનું નામ પણ આવવું જોઇતું હતું, પણ તેમ નથીજ. અવ-રતા મધે, જેમ બિજા યજદ અમેશાસ્પંદોની તથા પેગમબર અશો જરથો-સ્તની ખશનુંમનો આવિછે; તેમજ ફતેહમંદ પાદશાહ ફરેદુનનીબી ખશનુ-મન, તેની બનાવેલી નેરંગો સાથે આવેલી છે; તે ઉપરથી પણ જણાએ છે કે, એ નેરંગો ફતેહેમંદ પાદશાહ ફરેદુનનીજ બનાવેલી હશે.

નેરંગો વિશે ફીરદોસી તુસી પોતાનાં બનાવેલાં શાહાનામાં મધે, ફતે-હમંદ પાદશાહ ફરેદુનનાં દાસ્તાનમાં નીચે મુજબ એશારો જણાવતાં લખેછે કેઃ—જ્યારે કાવેઆહંગર, અલબોરજ પાહાડ ઉપરથી ઇરાન તરફ, પાદશાહ ફરેદુનને પાદશાહ જહાક સાથે લડાઈ કરવાને લઇ જતો હતો, તે વેલાએ તેઓએ એક 'નવંદ' નામનાં ગામમાં એક પાહાડની હેઠે વાસો કરયો હતો; તે વખ્તે પાક પરવરદેગારની કામેલ શક્તિ સરોશ યજદે આવી ફરે-દુનને કેટલીએક અગમચેતી આપી; તે ઉપર આવતી આફતોને ટાલવા માટે તથા બુરા જહાકની શુમીઅતને ટાળવા માટે, નેરંગો શિખવી હતી. ફરેદુનનાં ભાઇઓ કયાનુશ તથા પુરમાએ નામનાં તેની સાથે હતા, તેઓ ફરેદુન ઉપર અદેખાઈ લઇ જતા હતા; તેઓએ તેને મારી નાખવાનો એરાદો કરયો હતો. જે દિવસે સરોશ યજદે ફરેદુનને નેરંગો શિખવી હતી, તેજ દિવસની રાતનાં તેનાં ભાઇઓએ ફરેદુનને મારવાનો એવો એલાજ કીધો કે, જ્યાં ફરેદુનનો તંબુ હતો તેનાં મથાલાં ઉપર જઇને એક મ્હોટો ભારી પથ્થર કોતરી કાહાડયો અને તે પથ્થર તે ફરેદુનનાં તંબુ ઉપર ગગડાવ્યો કે તેથી ફરેદુન કચડાઇ મરે; પણ જેની ઉપર પાક યજ-દાંની મેહેરબાંની હોએ, તેને હેરાંન કરનારાઓ કદી પણ ફાવતા નથી, તેજ પ્રમાણે થયું; તે એ કે, જેહેવી ફરેદુનને બશારત થઇ કે તુરત ઉઠયો અને જે નેરંગો 'સરોશ' યજદે શિખવી હતી તે તુરત પઢયો, કે જેથી પેલો ગગડતો પથ્થર અટકી રહ્યો અને પાદશાહ ફરેદુનને કશો આશેબ ન

પોહોંચ્યો* શીરદોસી તુસોના ઉપલા બોલાસાથી વાંચ્કોની ખાતરી થઇ હશે કે, ખોદા તાલાની કામેલ શક્તિ સરોશ યજદે, ફ્રેતેહમંદ પાદશાહ ફ્રેરેદુનને નેરંગો શિખવી હતી. તે નેરંગો કેઇ તે હાલે આપણને માલુમ પડતું નથી; પણ ધારવામાં આવેછે કે, ઉપર જણાવેલી નેરંગો મધેની, યા બિજી (આએ બયાન જણાવતાં, લમબાણ થવાને લીધે, જણાવી નથી તે મધેની) કોઇબી નેરંગો હશે; પણ આટલું તો ચોકસજ થાએછે કે, અવસ્તા તથા પેહેલવી મધે કેટલીક નેરંગો પાદશાહ ફ્રેરેદુને બનાવી હતી.

પેહેલવી ભાષાનો જમાનો કએઆંની પાદશાહાતની આગમજ હતો, તેનું ત્રીજું કારણ એ કે, તખતે જમશીદવાલા મેહેલમાં કેટલાક પેહેલવી લેખો હતા; એવું નીચલી કેતાબની એબારત ઉપરથી માલુમ પડે છે:—

"મજમલુલ તવારીખ," مجمل التواريخ † નામની જુની ફારશી કેતાબ મધે તેના બનાવનારે, "એસ્તેખર" اسطخر અથવા પરસી પોલીસનો હેવાલ જણાવતાં, "હેમજહએએસફહાંની"‡ નાં બનાવેલા ફારશી ગ્રંથનો

* પાદશાહ ફ્રેરેદુનની આએ બાબતને લગતાં સઘળાં બેતો લમબાંણ થવાને લીધે અત્રે લેવાને માંડીવાલીયાં છે; પણ ફકત જે "નેરંગ" ને લગતાં બેતો છે તેજ હમો, વાંચકોની ખાતરી માટ નિચે જણાવીએ છીએ.

سروشي بد آن آمده از بهشت — كه تا باز گويد بد و خوب و زشت
سوئي مهتر آمد بسان پري — نهانش بياموخت افسونگري
كه تا بندها را بداند كليد — كشاده با فسون كند ناپديد
بفرمان ايزدان سرخفته مرد — خروشيدن سنگ بيدار كرد
بافسون همان سنگ برجاي خويش — به بست و نه غلطيد يكزره پيش

† એ કેતાબ સને ૧૧૨૬ ઇસવીનાં સાલમાં બનેલી છે અને તે મધે "તારીખેતબરી" નાં દાખલાઓ જગોજગોએ ટાંકેલા છે.

‡ "હમજહએએસફહાંની" નાં લખવા ઉપરથી જણાએ છે કે, ઇરાન માંહેલા "તખ્તેજંમશીદ" નામનાં મેહેલમાં, આજ આશરે એક હજારથી વધુ વરશની વાત ઉપર ઉપલી પેહેલવી તખ્તી હતી, પણ અફસોસકારક એ છે કે, યુરોપખંડનાં નામાંકીત વિદ્વાનો; જેવા કે, "કેરપોરટર" તથા "સર ઉલીઅમ આઉસલી" ને તેઓની મુસાફરીને વખતે એ તખતી મલી નહીં આવી. જો તેઓને એ મલી હતે તો, તેઓ એ બાબતમાં કાંઇબી ખોલાસો કરતે. તે ઉપરથી એવું ધારવામાં આવેછે કે, એ નામાંકીત મુશાફરોના વખત સુધી તે સચવાઇ નહીં રેહેલી; જો તે આજ સુધી સચવાઇ રહી હતે તો આજ એ બાબતમાં એક મોટું અજવાળું થતે, પણ કમ ભાવગ આપણાં જરથુસ્તીઓના. આપણને હજુર પાદાવંદ તાલાનાં શોકર ગુજાર થવું જોઇએ છે કે, "હમજહએએસફહાની"

આધાર બતલાવીને લખેછે કેઃ—'એસફહાંની'ની કેતાબ મધે કુરશી (તખતે 'જમશીદ) નાં હેવાલની અંદર હાવી તરેહનું બયાંન કરયું છે કેઃ—ત્યાં
"(તખતે જમશીદનાં મેહેલમાં) પેહેલવી ભાષાની અંદર લખાણો છે, જે વિશે
"હેવું કેહેછે કે, એક વેળા એક મોબેદને તે લેખો વાંચવા સારૂ બોલાવ્યો હતો;
"તે લખાણની અંદર મતલબ એ હતી કે, **આએ બાંધણી "જમશીદ"**
"**નાં વખતમાં ફલાણે રોજે અને ફલાણે મહીને કરેલી છે.** આએ
"પેહેલવી લખાણ ઉપરાંત બિજું ઘણુંક લખેલું હતુંઃ પણ તે હરૂફો ન ઉકલવાને
"લીધે મેં તે લખી લીધું નથી; કેમકે, આકાર ઉપરથી મતલબ ઉઠી નહીં."*

પેહેલવી ભાષાનો જમાનો કએઆન્યાંન પાદશાહાતની આગમજ હતો; તેનું ચોથું કારણ એ કે, પાદશાહ ટેહેમુરસ્પે દેવ બંદને માટે કેતાબોમાં એવું જણાવેલું છે કે, તેણે અંગ્રેમઇન્યુશ (શેતાન) ને, બદફેહેલે, એવી બુરી રાહે ચાલનારા દુન્યાઈ દેવોને પોતાની પવિત્રાઇનાં બલે કરી, અને પોતાનાં બુરા નફસોને પોતાને તાબે કરવાથી, બદ રાહાથી દુર થયો હતો. તેથી યજદી નુર તે ઉપર વારેદ થયું હતું, અને તેનાં બળે કરી તેણે તમામ બદરૂહ દેવોને પોતાને તાબે કસ્યા હતા; અને તે સાથે સઘળા બદરૂહ દેવોનો સરદાર જે ગનામીનો કેહેવાએ છે, તેને પણ પોતાને તાબે કરચો હતો. તે નુરની બરકતથી તેનું મગજ ઘણું ખીલતું થયું અને તેનાં બળે કરી તેણે લખવાનો હોનર પેદા કસ્યો હતો. હાલે, ઉપર જે હમોએ ખોલાસો કસ્યો, તેને મળતું બયાંનઅવસ્તાનાં કલાંમો સાથેની એક આફરીન, જે 'ઓગેમદેચા'ને નામે ઓલ-

---

નેવા નામાંકીત ગુહસ્થે પોતાનાં નામીચા ગ્રંથમાં ઉપલો ફકરો ટાંકી લીધો છે. એ ફકરો "અસફ-હાની" એ પોતાની તરફથી જોડી તો નહીંજ કાહાડયો હોએ એ તો ચોકસ છે.

* اندر حال کرسي در کتاب الاسفهاني همي شرح دهد برآنجا
نبشتها هست بفهلوي و همي گويد در روزگار موبدي
را بياوردند كه آنرا باخواند درجمله اين لفظ بود
كه كردش اين زمان جم بفلان ماه و فلان روز بر
پهلوي نبشتست اين كلمهاي و بسياري ديگر ومن از
جهت ناندانستن حرف آن نه نوشتم كه از صورت
حرف ايراخ ...

બાએ છે; અને જેના સંસ્કૃત તથા ફારશી ભાષાઓમાં તરજુમાંઓ પણ થયા છે; તે મધે મોહોત ઉપર રાજી રેહેવાની બાબત આવેલી છે; તેનાં દાખલામાં કેટલાક નામાંકીત પેશદાદીઆંન પાદશાહઓનાં નામો જણાવેલાં છે; તે મધે પાદશાહ તેહેમુરસ્પ વિશે ટુંક બયાંન આવેલું છે, તેમાં નીચે મુજબ જણાવેલું છે કે :—

"તેહેમતન તેહેમુરસ્પે સઘલા દેવોનો દેવ—દોજખી, ગજસ્તે "ગનામીનો'
"ને પકડયો અને ત્રીસ વરશ સુધી તેને પોતાની સવારીમાં રાખ્યો અને ત્રીસ
"લખવાનાં હોનરોની કેતાબ તેથી પોતાને હાથ લાગ્યો."*

ઉપલીજ બાબતને મલતું, પણ લગાર લાંબું બયાંન, શાએરોનાં શાએર ફીરદોસી તુસીએ, શાહાનામાં મધે, પેહેલવી બાસ્તાંનનામાં ઊપરથી, જણાવ્યું છે; તે નીચે મુજબ આવેલું છે :—

"જ્યારે પાદશાહ તેહેમુરસ્પ બદકાર ગનામીનો હેરેમનને પોતાને તાબે કરી,
"તેની ઉપર સવારી કરવા લાગ્યો,† અને બુરા દેવોને પણ જેર કરયા; ત્યારે
"તેઓ મજકુર પાદશાહ સાથે ઘણી દુશમની રાખવા લાગ્યા અને મજકુર
" પાદશાહ સાથે બેદીલ થયા અને તેઓ સઘળા એકઠા થાઇ પાદશાહ તેહે-
" મુરસ્પને મારી નાખવાનો એલાજ કીધો. એ ખબર મજકુર પાદશાહને
" થવાથી તેઓનાં તમામ કામોને બરહમ મારચાં અને તે દેવોનાં મ્હોટા ભાગને

---

* [illegible]
[illegible]

આ૦ ઓગેમદેચા.

† દોજખી ગનામીનો હેરેમનને પાદશાહ તેહેમુરસ્પે ત્રીસ વરશ સુધી પોતાની સવારીમાં રાખ્યો હતો; તેહેનું સહમજવું એ છે કે, તેહેમુરસ્પે પોતાનાં નફસોને અને બુરા હવસોને મારી એટલા તો પોતાને તાબે રાખ્યા, કે તેથી, તેની પરહેજગારીમાં મ્હોટો વધારો થયો, અને મગજ નિર્મલ રેહેવાથી તેને ઘણી કવત થઇ, અને તેમ થવાથી તેની અકકલ ખીલી નિકલી અને તેથી આગાહવંત થયો, અને તે આગાહીનાં બલથી તમામ દુનિયાંનાં ભેદો સહમજવા લાગો, અને તેથી ગોએઆ તે સઘલી દુનિયામાં ફરીને ભેદો જોતો હોય તેવું તેને લાગતું હતું. એ ઉપરથી શાહાનામાનો બનાવનાર ફીરદોસી તુસી લખી ગયો છે કે, પાદશાહ તેહેમુરસ્પ હેરેમન ઊપર સવારી કરીને તમામ દુનિયાં ઉપર ફરતો હતો, એવું જણાવ્યું છે. એ મોબારક ફાલનાં પાદશાહે પોતાનાં નફસને પોતાને તાબે રાખવાથી તેની અકકલ ખીલી નિકલવાથી તેણે ત્રીસ ભાષાનો લખવાનો હોનર પેદા કીધો, કે તેથી દુનિયામાં બિજો મ્હોટો સુધારો થયો.

"પોતાનાં હોનર અને કલાથી બાંધી લીધા અને બાકીનાંઓને લડાઈ કરીને જેર "કીધા; કેટલાકોએ જીવતદાન માંગી લઈ પાદશાહને અરજ કીધી કે, જો "તું હમારા ઉપર રેહેમ કરે તો તુંને હમો એક નવી કલા બતલાવીએ. "કે તેથી તુંને ઘણાં ફાએદા હાંસલ થશે. એ સાંભળી પાદશાહએ તેઓને "જીવતદાંન બક્ષ્યું અને તેઓ સંગાથે તેણે કોલ કીધો. જ્યારે તેઓનાં "छुપા ભેદો શાહે જાણવા માંગ્યા ત્યારે તેઓએ તેને લખવાનો હોનર "શિખવ્યો; તે હોનર એક જાતનો નહીં પણ ત્રીશ તરાંહનો હતો; જેહેવો કે, "રૂમી' (ગરીક), 'તાજી' (અરબી), 'પારશી' (ફારશી), 'હિંદી' (સંસ્કૃત), "ચીની' અને પેહેલવી અને એવીજ રીતનો બીજેબી હોનર શિખવ્યો".†

'ઓગેમદેચા' નામની પેહેલવી આફરીનનાં તથા ફીરદોસી શાએરનાં ઉપલાં વરણન ઉપરથી ઓલ્લું જણાએ છે કે, લખવાનો હોનર, હેરેમન તથા દેવોને તેહેમુરસ્પે પોતાને તાબે કીધાથી, તેઓથી મલ્યો હતો. એ-ઉપરથી બે બાબદો સાબેત થાએછે; એક તો એ કે, હાલે સેમેટીક લોકો એવો દાવો કરેછે કે, યરીઅન લોકો લખવાનો હોનર હમારેથી શિખ્યા છે તે વાત ચોકશ ઠરેછે, કારણ કે, અસલ જમાનાનાં લોકો, કેટલાંક પરદેશનાં લોકોને તથા બુરા લોકોને દેવોને નામે ઓલખતા હતા. અને બિજું તો એ કે, તેહેમુરસ્પને લખવાનો હોનર મલવાની આગમજ, તે લખાંણને લગતી ભાષાઓ પણ હોવીજ જોઇયે; અને તેમાં પેહેલવી ભાષા પણ હોવી જોઇયે, કારણ કે, ફીરદોસીએ પેહેલવી તવારીખ ઉપરથી પોતાનાં લખાંણમાં તેહે-મુરસ્પનાં વખતમાં પેહેલવી લખવાનો હોનર હતો, હેવું જણાવ્યું છે.

ઉપલાં સઘળાં વરણન ઉપરથી સાબેત થાએછે કે, પેહેલવી ભાષા પેશદા-દીઆંન પાદશાહઓનાં વખતથી છે. જે ગૃહસ્થોએ ભાષા વિશે શકમંદ થઇને પોતાને મનભાવતા જુદા જુદા જમાનાંના જુદાં જુદાં મતો જણાવ્યાં છે તે રદ છે.

---

† આએ બાબદને લગતાં સઘળાં બેતો અતરે લેવાનાં ખતમ કરયા છે, કારણ કે, એ બાબદ-ને લગતાં સઘળાં બેતો લેવાથી ઘણું લમબાણ થાએછે; તેથી જેટલા બેતો ત્રીશ ભાષાનાં લખાંણો વિશે: એ દાસ્તાનમાં આવેલાં છે, તેટલાંજ અત્રે ટાંકી દેખાડેલાં છે.

نوشتن یکی نه که نزدیک سے چه رومی چه تازي وچه پارسی
چه هندي وچینی وچه پهلوي نکاریدن آن کجا بشنوی

પેહેલવી ભાષા, 'ઉજ્વારેશ' 'ઉજ્વારેશાન,' 'ઉજ્વારીને' તથા જંદને નામે પણ ઓલખાએ છે. એ پهلوي 'પેહેલવી' શબ્દ ફારશી ભાષાનો છે. જેમ, અવસ્તા ભાષામાં તે ભાષાને ઓલખાવવા માટે માંથ્ર શબ્દ વપરાએલો છે, તેમ 'ઉજ્વારેશ,' 'ઉજ્વારશાન' અને 'ઉજ્વારીને' શબ્દો પેહેલવી ભાષાને ઓલખાવવા માટે, ખુદ પેહેલવી ભાષામાં વપરાએલા છે. એ 'ઉજ્વારેશ,' 'ઉજ્વારશાન' અને 'ઉજ્વારીને' ભાષા ઓલખાવવા માટે, ફારશી ભાષા મધે پهلوي 'પેહેલવી' શબ્દ વપરાએલો છે. પેહેલવી ભાષા તથા તેનાં જમાનાં વિશે, જેમ યુરોપખંડનાં તથા એસિઆખંડનાં કાબેલ ગૃહસ્થો અટકલથી પોતાનાં મતો જુદાં જુદાં આપેછે; તેમજ પેહેલવી શબ્દની ઉત્પત્તિ વિશે તથા એ ભાષાને ઓલખાવનારા મજકુર શબ્દો વિશે અટકલથી પોતાનાં મતો જુદાં જુદાં આપેછે. કેટલાક તવારીખ તથા કોશ લખનારાઓનું એવું મત છે કે, پهلو 'પેહેલવ' શબ્દનો અર્થ 'તરફ' અથવા 'બાજુ' નો થાએ છે, માટે, ઇરાનનાં દેશોની આસપાસ બોલાતી ભાષાનું નામ પેહેલવી કરીને છે. બિજું, 'પેહેલવ' અથવા 'પેહેલવાન' નો અર્થ બાહાદુર અથવા પેહેલવાનનો થાએછે, તેથી 'પેહેલવી' અથવા 'પેહેલવાંની, એ આગલા ઇરાંની પેહેલવાંનો તથા પાદશાહઓને લગતી ભાષા છે. ત્રીજું پهلو 'પેહેલુ' અથવા 'પેહેલવ' શેહેર અથવા દેશને કેહેછે, માટે, 'પેહેલવી જબાન' નો અર્થ 'દેશીભાષા' નો થાએછે.

ડાકટર સ્પીગલ 'પહલવ' શબ્દને અવસ્તાનાં 'પેરેથુ' શબ્દ સાથે મેલવે છે, જેહેનો અર્થ 'બોહોલું' અથવા 'વિસ્તારવાલું' હેવો થાએછે. વળી, ઉપલા વિદ્વાન ગૃહસ્થે, પાજંદ ભાષા મધેમાં, 'પાશુમ' શબ્દ ઉપરથી 'અશ' નો 'અહલ' બનેલા 'પહુલુમ' શબ્દ સાથે 'પહલવ' ને સરખાવ્યો છે.

પ્રોફેસર મેકસમુલર 'પહેલવ' શબ્દની ઉત્પત્તિ સેમેટીક فرش

'ફ્રશ' જેનો અર્થ ખોલાસો અથવા 'વિસ્તાર' નો થાએછે, તે ઉપર થએલી ગણેછે.

મરહુમ ડાકટર મારટીન હાઉગ શાહાનામાં મધે વપરાએલા پهلوي 'પેહેલવી' બોલને લગતો એવો સાર કાહાડે છે કે, એ 'પેહેલવી' લોગટ અસલી ઇરાંનીઓની ભાષાઓને સાધારણ રીતે લગાડવામાં આવતો હતો.

દુપેરોન કેહેછે કે, એ શબ્દ અસલમાં 'પેહેલુ' યાને બાજુ એટલે જે સરહદ આગલનાં પ્રાંતોમાં બોલાતી ભાષા; એ ઉપરથી ઉત્પન્ન થએલો છે.

દસ્તુર પેશુતનજી એ બોલ વિશે એવું કેહેછે કે, پهلوي 'પેહેલવી' ની ઉત્પત્તિ અવસ્તાનાં 𐬞𐬀𐬌𐬭𐬌𐬚𐬡𐬀 'પેરેથ્વ' શબ્દ ઉપરથી થઈ હોએ હેવું જો આપણે માનીએ તો, વંદીદાદની બીજી પરગરદમાં 'રસ્તા' અથવા 'મારગ' ને માટે 𐬞𐬀𐬌𐬭𐬌𐬚𐬡𐬀 'પેરેથ્વ' શબ્દ વપરાએલો છે, અને તેમાં વપરાએલા 𐬚 થ, ને બદલે પેહેલવીમાં કાએદાસર 𐬵 હ, થાએલો છે; માટે એ ઉપરથી જો આપણ 'પેહેલવી' બોલનો અર્થ કરીએ તો તેનો અર્થ "રસ્તા અથવા મારગને લગતું" હેવો થાએછે, અને તેનાં આધાર ઉપરથી زبان پهلوي પેહેલવી જબાનનો મોરાદી માએનો "રેવાજી અથવા ચાલુ ભાષા" નો થઈ શકે છે.

એબન હઉકલ* નામનો એક ગ્રંથકાર, ઇરાન દેશમાં વપરાતી ભાષાઓ વિશેનું, અરબી ભાષામાં વરણન આપતાં, હમજેઉલએસફહાંની નામનાં કાબેલ ગ્રંથકારનાં પુસ્તક ઉપરથી, પેહેલવી વિશે લખેછે કે :—

"'ફહલવ' યાને 'પહલવ' બોલ 'ફહલહ' ઉપરથી નિકલેલો છે. હમ-
"જેઉલએસફહાની કેહેછે કે, ઇરાનની કદીમ ચાલુ ભાષા પાંચ હતી;
"પેહેલવી, દરી, ફારશી, ખોજી અને શરીઆંની; તેમાં પેહેલવી ભાષા
"પાદશાહઓની દરબાર ખાતે બોલાતી હતી અને તે 'ફહલહ' ને લગતી
"હતી; જેને લગતાં એસફેહાંન, રએ, હમદાંન, માહનેહાવંદ અને અજ-
"રબેજાંન નામનાં પાંચ શેહેરો છે."†

એ 'પહલવ' પ્રાંતનું નામ જે હમજહએ એસફહાંનીએ ઉપર જણાવ્યું

* આએ ગૃહસ્થ હીજરી સનેની ચોથી સદીમાં ઇરાન મધે થઇ ગયો છે.

† فهلو بلفتح ثم والسكون ولام يقال فهلر قال حمزه

છે; તેજ મુજબ પેહેલવી બાસ્તાનનામાં ઉપરથી શાહાનામાંનો બનાવનાર ફીરદોસી તુસીએ પાદશાહ કાઉશનાં હેવાલમાં પણ જણાવ્યું છે.

મી० જમશેદજી પાહાલણજી કાપડિયા કે જેવણે અવસ્તા, પેહેલવી, ફારશી અને બિજી ભાષાઓનો સારો અભ્યાસ કરયો છે; તેવણ "વિદ્યામિત્ર" નામનાં માહાવારી ચોપાંનિયાં મધે કેટલુંક થયું, ઉપલી ભાષાઓ વિશે સારી કાબેલીઅતથી લખાંણો કરયા જાએછે; તે ચોપાનિયાંનાં ત્રિજાં દફતરનાં ચોથા આંકવાળાં ચોપાંનિયાંને સફે ૧૨૨ મેની પેહેલી કાલમની શેતર ૨) જીથી 'પેહેલવી' શબ્દ વિશે લખાંણ કરેલું છે તે મધે, મજકુર સફાની શેતર ૨૨) થી, "એ ભાઈ, પેહેલવી શબ્દ વિશે પોતાનું એવી રીતનું મત લખેછે કે:—
"રામાયણ" તથા "મહાભારત" અને "મનુસ્મૃતિ" તથા પાછલા હિંદુઓની
"પોથીઓમાં પણ કેથે કેથે પારશીઓનાં અસલી નીઆએગાનોને તેઓની
"અત્યંત બાહાદુરી તથા જોર (બળ) ને લીધે હમેશ "પહેલવાસ" કરી
"લખવામાં આવેલા છે. અને "અથર્વવેદસંહિતામાં" તો કદીમ બાખત્રીઅ-
"નો ને "બલહીક" તથા તેઓનાં પાએતખ્ત શેહેર બલખને બહલ કરી
"આગલા હિંદુઓ લખી ગયા છે. મોઝીસ ખોરીની પોતાની આરમીની-
"આ દેશાની તવારીખમાં એ શેહેરને બહલ અથવા બહધ કરી કેહેતા હતા,
"એમ જણાવી જાએછે અને અહિંયાંજ એનાં કહયા પ્રમાણે આરસસીસ
"વંશાનાં મૂળ પુરૂષ નામદાર અરસીસનું પાએતખ્ત પણ હતું. અરમાની
"ગ્રંથકારોનાં આવાં લખાણો ઉપરથી ડા० મારડતમેન પેહેલવીનો અર્થ
"બાખત્રીઅનોની ભાષા એમ ઊઠાડવા માંગેછે. હવે એ (પેહેલવી) વિશે
"જુદા જુદા લખનારાઓનાં વિચારોનો સારીકાની મુકાબલો કરવાથી તથા
"સઘલી બારદુવાલાઓની તકરારોને પુરતો ઇનસાફ આપ્યા ઉપરથી હું

الاسفهاني كان كلام الفوس قديما يجري علي خمسة السنة
الفهلوية ولدرية ولفارسية ولخوزية ولسوريانية فاما الفهلوية فكان
يجريها ملام الملوك في مجلسهم وهي نعتة منسوبة الي
فهله و بوابم يقع علي خمسة بلدان اصبهان و الري و همدان
و ماه نهاوند و آذربيجان

"મી૦ કુઆતરમેર સાથે એકમલતો થઇ એનો અર્થ પાર્થીઆ દેશાની
"ભાષા એમ કરવા દુરસ્ત વિચારૂંછું. એ ટોળાંનાં પેહેલવાંની ગુણો
"તમામ લોકોમાં મશાહુર હતા, અને પાછળથી તેજ ગુણો સાસાનીઆમાં
"પણ પ્રકાશી નિકળ્યા હતા. માટે પેહેલવીનો અર્થ પારથીઆન તથા સાસા-
"નીઆન જેવા પેહેલવાંનોનાં દોરની વેળાની ચાલુ ભાષા એમ થાએછે."

